Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

હરિઃ ૐ

# હરિભાવ

Year : 22 - Issue : 09

June, 2018



(અનુષ્ટુપ)

વગાડી ઢોલથી જોરે જગતલોકને કથું,
મૃત્યુ ટાણે તમો પાદે સંદેશો મૂકતો જઉં,
શો કેટકેટલો લાભ સ્મરણથી મળી શકે !
જાતે અનુભવી ઊંડા સાદે પોકારું લોકને.

- શ્રીમોટા

'ભાવજ્યોતિ', પ્ર. આ., પૃ. ૪૬



# 'સુબોધ'

અહીં ન કોઈ કોઈનું, સૌ કર્માધીન લોક,
સૌ કર્માધીન વર્તતાં, તેનો ન કરો શોક.

અસાર આ સંસારમાં, સાર એક સત્સંગ,
આવરણ સંશય ટાળીને, કરે વિપર્યય ભંગ.

ગુરુકૃપા વિણ થાય નહિ, મનનો સ્વરૂપનાશ,
બ્રહ્મજ્ઞાન પણ થાય નહિ, નહિ વાસના વિનાશ.

ભોજન ને ભાષણ વિશે, સાવધ રહો સદાય,
તેથી તનમન સ્વસ્થ રહે, દેવભાવ દરશાય.

મન, નયન ને વાણીને, રાખો શુચિ સદાય,
તે ત્રણને લેશ પણ, મલિન ન કરો કદાય.

દર્પણથી પ્રતિબિંબ જેમ, લેશ ન ભિન્ન ગણાય,
તેમ બ્રહ્મથી ભિન્ન આ, જગ નવ લેશ મનાય.

- પૂજ્યપાદ શ્રી શ્રી ૧૦૮ શ્રીમન્નથુરામશર્મા - આચાર્યજી
(બીલખા આશ્રમ, જિ. જૂનાગઢ)

*'સરલ સુબોધમાલા', માંથી સાભાર*

**પ્રકાશન સ્થળ :**
બી/૫, સ્વસ્તિક ઍપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

**'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર**

# હરિભાવ

સંપાદક : **પ્રભુદાસ જાની**
સહાયક : **વિવેક દેસાઈ**

**વર્ષ : ૨૨ અંક : ૯ જૂન, ૨૦૧૮**

**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી પ્રભુદાસ જાની, શ્રી વિવેક દેસાઈ
શ્રી બીરેન પટેલ
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

**સરનામાના ફેરફાર અંગે, 'હરિભાવ' ન મળવા અંગે તથા પૂછપરછ માટે સંપર્ક : શ્રી સુરેશ વૉરા**
**Mo. / SMS / Whatsapp - 9427554391**

**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૫૦/-
પરદેશ રૂ. ૬૦૦/- (ઍરમેઈલથી)
એકથી દસ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા માટે**
'હરિવાણી ટ્રસ્ટ', C/o. ૧૧, દાદા રોકડનાથ સોસાયટી, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : (૦૭૯)૨૬૬૩૫૮૭૩
ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો

**ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : 'હરિવાણી ટ્રસ્ટ'**
યૂકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ-૩૮૦૦૦૭
બચત ખાતા નં.: ૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮
IFS Code : UCBA0001687
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.
Email : hariwanitrust@gmail.com

**હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઈટ**
**www.hariommota.org** ઉપર
**હરિભાવ ઉપલબ્ધ હોય છે.**
**ફોન : (૦૨૬૧)૨૭૬૫૫૬૪, ૨૭૭૧૦૪૬**

* Subject to Ahmedabad Jurisdiction

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર, મો.:૯૩૨૭૦૩૬૪૧૪**

## અનુક્રમ

૧. પ્રભુસ્મરણ - એકમાત્ર ઉપાય ........................ શ્રીમોટા ૪
૨. ભગવાનનું નામ : ભવતારણ ઔષધ ....... શ્રીરણછોડદાસજી ૫
૩. નામસ્મરણનો પ્રકાર ............... શ્રીઉપાસની મહારાજ ૬
૪. પૂજ્ય શ્રીમોટા સાથેનાં સંભારણાં (૧)રજનીભાઈ બર્માવાળા ૭
૫. સમર્થના સથવારે (મૌનનિવેદન) .. ભાઈલાલભાઈ કે. સોની ૮
૬. જ્ઞાનીને કર્મનો ડર કે કંટાળો હોતો નથી ....... વિનોબાજી ૯
૭. પૂજ્ય શ્રીમોટાની કૃપાસહાયના બે અનુભવ ............ .................... ડૉ. રશ્મિકાંત ઓચ્છવલાલ ગાંધી ૧૧
૮. શાંતિનું સ્થાપન ........................ થોમસ કેમ્પિસ ૧૩
૯. સંતો સાથેની સ્મૃતિઓ ................ શ્રી બાબુ સરકાર ૧૪
૧૦. નર્મદા પરિક્રમા ............... સ્વામી પ્રેમાનંદ સરસ્વતી ૧૬
૧૧-અ. પૂજ્ય શ્રીમોટાની એક સ્મરણરેખા ...... જયદેવ ઓઝા ૧૮
૧૧-બ. મુક્તકો ...................... ડૉ. સુધીર સી. મોદી ૧૮
૧૨. ગુરુસ્મરણ સર્વ બોજો હળવો કરે ............... શ્રીમોટા ૧૯
૧૩. કામનિવારક-હરિનામ ............ શ્રીરામકૃષ્ણ પરમહંસ ૨૦
૧૪. સર્વધર્મ સરખા ગણવા .................. પંડિત સુંદરલાલ ૨૨
૧૫. સુખી લગ્નજીવન માટે મતભેદ ટાળો ...... દાદા ભગવાન ૨૪
૧૬. પદ્યપ્રસાદી ...................................... શ્રીમોટા ૨૬

## જ્ઞાનદાન

**પૂજ્ય શ્રીમોટાની પધરામણી જેઓશ્રીના નિવાસે થઈ હતી અને જેઓશ્રીએ હરિઃૐ આશ્રમ નડિયાદમાં વર્ષો સુધી રહીને સેવાઓ આપી હતી તેમ જ પૂજ્ય શ્રીમોટાના અક્ષરદેહના અભ્યાસ અને સેવનના ફલસ્વરૂપે કેટલાંક સંકલનો જેઓશ્રીએ પ્રકાશિત કર્યાં છે, તેવા સદ્‌ગત પિતાશ્રી બાબુભાઈ જોઈતારામ રામીની પુણ્યસ્મૃતિમાં શ્રી નીતિનભાઈ રામી પરિવાર દ્વારા 'હરિભાવ'ના આ અંકના પ્રકાશનમાં અમોને સહયોગ અપાયો છે, તે બદલ એ પરિવારનો અમો ઘણો ઘણો આભાર વ્યક્ત કરીએ છીએ. - સંપાદક**

# (૧) પ્રભુસ્મરણ - એકમાત્ર ઉપાય

**શ્રીમોટા**

ભક્તિની શરૂઆત સ્મરણથી જ થાય. ચેતનાનું ચિંતન એમ ને એમ નહિ થાય. એની ગરજ જાગ્યા સિવાય, એનો સ્વાર્થ જાગ્યા સિવાય, કોઈ દિવસ ચિંતન નહિ થાય.

તમારા સંસારવહેવારનું ચિંતન થશે. તમારા પૈસાટકાનું, ધનદોલતનું ચિંતન થશે. સગાંવહાલાંનું થશે, આબરૂ પ્રતિષ્ઠાનુંયે ચિંતન થશે, પણ આ ભગવાનનું ચિંતન થવું સહેલું નથી. એ તો જ્વાળામુખી જેવી ધગધગતી તમન્ના જાગે ત્યારે થાય. હજુ સુધી મને તો એવાં દર્શન આ સંસારમાં થયાં નથી.

ભગવાનનું ચિંતવન અખંડ થઈ જાય ત્યારે એમાંથી ભાવ જાગે છે. એ ભાવમાં ખરેખરી ગાઢતા પ્રગટે છે. એ ગાઢતા અખંડ થાય, ત્યારે આપણાં મન, બુદ્ધિ, ચિત્ત,પ્રાણ, અહમ્ આદિમાં પ્રગટે છે અને ત્યાર પછી એ આપણા શરીરના આધારનાં કરણોમાં પ્રસરવા માંડે છે. એનું નામ ભાવાત્મક. એટલી કોટિએ જ્યારે ભાવ પહોંચે છે, ત્યારે એ આપણા મનાદિને સ્પર્શે છે.

માટે, ભગવાનના સ્મરણ સિવાય બીજા કોઈ સાધનને માટે આપણે લાયક નથી. **ભક્તિની શરૂઆત જ સ્મરણથી થઈ શકે.** સ્મરણ, પ્રાર્થના, ભજન, કીર્તન, આત્મનિવેદન, ત્યાગ અને પરમાર્થ, જો તમારે આ રસ્તે જવું હોય તો કરવા જ પડશે. નહિતર સાહેબ વાત ખોટી. ભ્રમણામાં કદી ના રહેવું.

ભગવાન અમારો છેતરાય એવો નથી. કંઈ કશું તમારે પામવું હોય તો જાતે મહેનત કરો. અમે કહીએ છીએ કે ગુરુની જરૂર નથી. ગુરુ તો તમારી અંદર બેઠેલો છે. મારું એવું કહેવાનું નથી કે ગુરુની આવશ્યકતા નથી, પણ આજે ગુરુ જડવા સહેલા નથી. આપણી યોગ્યતા પ્રાપ્ત થશે ત્યારે આપમેળે ગુરુ આવશે સાહેબ ! જરૂર આવશે. આવ્યા વગર નહિ રહે. તદ્દન સાચી વાત છે.

મહેનત કર્યા વિના કશું મળી શકતું નથી. કદાચ સ્વાર્થમાં એમ ને એમ લૉટરી કોઈને લાગી જાય, પણ આ માર્ગમાં નહિ લાગે. બિલકુલ નહિ લાગે, તદ્દન સાચી વાત કહું છું. બીજા ગમે તે કહેતા હોય, તે ભલે કહેતા. મારા ગુરુમહારાજે કહેલું કે, ‘સમાજને અને બધાં મળે તેને સાચી વાત કહેવી. કોઈ લોભામણી વાત કરતો નહિ.’ એટલે તો કહું છું કે આ માર્ગ તપશ્ચર્યાનો છે. જો તમારે સહેલાઈથી કરવું હોય તો ભગવાનનું સ્મરણ ઉત્તમ છે, પણ તમે જાણો કે હું અગિયાર માળા કરું કે પચીસ માળા કરું, અડધો કલાક બેસું, તેટલાથી પત્તો નહિ ખાય. ૨૪ કલાક તમારે સ્વાર્થમાં ગાળવા છે અને અડધો કલાક તમારે ભગવાનમાં આપવો છે અને તેમાંથી તમારે ફળ મેળવવું છે, તો તે નહિ બને. **ભગવાન અમારો છેતરાય તેવો નથી, એ ભોળવાય એવો નથી.**

મારી તમને પ્રાર્થના છે કે તમે ચેતો. આ કાળ વિપરીત છે. એકલા સ્વાર્થમાં પડ્યા ના રહેશો. પરમાર્થ કર્યા કરો. સ્વાર્થ ઓછો કરો પણ પરમાર્થ વધારો નહિતર મરી જશો. **હિંદુસ્તાનની આખી સંસ્કૃતિ આપણે ખલાસ કરી નાંખી.** મોજશોખ, વૈભવવિલાસ ભોગવો. વધારે પડતું ભોગવશો તો પચશે નહિ. તમારા બધાંનું અન્ન ખાઈને કહું છું. મારા ગુરુમહારાજ કહે, ‘જેનું અન્ન ખાવું તેને સાચી વાત કહેવી.’

‘ટેપ રેકૉર્ડેડ વાણીના આધારે’ ❑

## (૨) ભગવાનનું નામ : ભવતારણ ઔષધ

**શ્રીરણછોડદાસજી મહારાજ**

ભગવાનના નામના જાપથી, નામસ્મરણથી જીવ માત્રને શાંતિ અને સુખ પ્રાપ્ત થાય છે, પરંતુ નામનો જપ કરતી વખતે તેના અર્થ અને ભાવનું અનુસંધાન રાખવું જોઈએ.

તમે જેમના નામનો જાપ કરી રહ્યા હોવ તે 'નામી' એ નામસ્મરણને સાંભળી રહ્યા છે અને સાંભળતાં સાંભળતાં મંદ મંદ હાસ્ય ભરી મુદ્રાથી તમારી સામે જોઈ રહ્યા છે, એ પ્રકારના ધ્યાન સાથે નામ જપવાથી નામમાં પ્રીતિ ઉત્પન્ન થાય છે અને સ્વરૂપની ઝાંખી પણ થશે. પછી તો ઊઠતાંબેસતાં, હરતાંફરતાં, જે તે કાંઈ કરતી વખતે નામીનું સ્વરૂપ સામે ને સામે જ રહેશે.

બધાં સાધનોમાં ભગવાનનું નામ ખૂબ જ સહાયક છે. નામજાપને ક્યારેય નકામું કે ઓછી શક્તિવાળું માનવું નહિ. **માત્ર નામના આધારે, નામના અવલંબનથી સાક્ષાત્કાર થઈ શકે છે.** બીજું કશું કરવું પડતું નથી. નામમાં એટલું બધું સંપૂર્ણ સામર્થ્ય છે. નામજાપ સરળમાં સરળ અને સીધું સાદું સાધન છે. તેનાથી બધાં વિઘ્ન, મળ, આવરણ, વિક્ષેપ, દોષ, દુઃખ વગેરેનું નિવારણ થઈ જાય છે.

નામજાપથી મનની શુદ્ધિ થાય છે અને અનિષ્ટ પ્રારબ્ધનો નાશ થાય છે. સંચિત કર્મની ભસ્મ થાય છે અને ક્રિયમાણથી છુટકારો મળે છે. ચિત્તની શુદ્ધિ, વાસનાનો ક્ષય, વૈરાગ્ય, સમતા વગેરે પણ નામસ્મરણથી પ્રાપ્ત થાય છે.

ધ્યાન, સમાધિ અને સાક્ષાત્કાર નામજાપથી થાય છે. એટલે ભવપાર જવા માટે સરળમાં સરળ સાધન ભગવાનનું નામ છે.

ગમે તેટલા કામમાં રોકાયા હોવ, લોકોનાં ટોળાં વચ્ચે હોવ, શરીરમાં પીડા હોય, પણ ભગવાનનું નામ ન ભુલાય તેનો ખ્યાલ રાખવો.

'શ્રીગુરુદેવકી સન્નિધિમેં' પ્રથમ ભાગ પૃ. ૩૯૬ ❑

**સ્મરણ : ભવતારણ**

આ સ્મરણનો પ્રયોગ ભગવાનની કૃપાથી મેં પ્રયોગાત્મક રીતે પણ ચલાવ્યો છે. આધ્યાત્મિક માર્ગના વિકાસને માટે બીજાં એવાં સાધનોમાં ચિત્તશુદ્ધિ, પ્રાણશુદ્ધિ અને અહંશુદ્ધિ-આ બધું જોઈએ. એવી શુદ્ધિનું પ્રગટીકરણ થયા વિના યોગ તો થઈ શકે જ નહિ. યોગને માટે શુદ્ધિ અનિવાર્ય. જ્ઞાનમાર્ગને માટે પણ.

પાપીમાં પાપી અને અધમાધમ એવા છેક નિમ્નમાં નિમ્ન ગતિના જીવ ભગવાનનું સ્મરણ કરીને આ ભવસાગરમાંથી તરી ગયા છે. એવા ઐતિહાસિક દાખલા પણ છે.

આ કાળમાં **(જેને હું પ્રપંચકાળ કહું છું)** ભગવાનનું સ્મરણ એ જ એક ઉત્તમમાં ઉત્તમ તરવાનું સાધન છે....

**શ્રીમોટા**

'જીવનસ્પંદન' પ્ર.આ. લેખકના બે બોલમાંથી ❑

# (૩) નામસ્મરણનો પ્રકાર

શ્રીઉપાસની મહારાજ

નામસ્મરણ એટલે મોઢાની બડબડ નહિ. **સ્મરણ એટલે યાદ.** પૂર્વનું જે કોઈ જોયું હોય તેને યાદ કરવું. સ્મરણ કરવું એ કાંઈ મોઢાની ક્રિયા નથી, તે મનની ક્રિયા છે. એટલે ખરું સ્મરણ તો કરવામાં આવતું જ નથી. તમારા ઘરે માબાપ હોય એમનું સ્મરણ કરવા શું માળા લેવી પડે છે ? તેમનું નામ લેતાં જ તેમનાં રૂપ, ગુણધર્મ સર્વ એકદમ ધ્યાનમાં આવે છે.

**સ્મરણ એ મનની ક્રિયા છે,** એટલે રામ, કૃષ્ણ, દત્ત વગેરે જે નામો લો, તેનું રૂપ, ગુણધર્મ સર્વ લક્ષમાં આવવાં જોઈએ. હવે કોઈ એમ કહેશે કે માબાપને તો જોયેલાં છે, એટલે યાદ આવે છે પણ અમે રામ કે કૃષ્ણને જોયા નથી તો સ્મરણ કેવી રીતે કરવું ? જે વસ્તુને જે નામ આપ્યું હોય તેનું સ્મરણ થતાં જ તેનો આકાર, ગુણધર્મ તુરત જ સામે આવે છે. સૂંઠ કે સાકરનું સ્મરણ થતાં તેનો આકાર, તીખાશ કે મીઠાશ વગેરે લક્ષમાં આવે છે. તેવી જ રીતે રામ, કૃષ્ણ વગેરે નામો લેતાં તેમના સર્વ ગુણધર્મ ધ્યાનમાં આવવા જોઈએ. એક ઠેકાણે કહ્યું છે :-

**'રામ નામ સબ કોઈ કહે, ઠગ, ઠાકુર ઔર ચોર,**
**જિસ નામસે ધ્રુવ, પ્રલ્હાદ તર ગયે, વો નામ કુછ ઔર.'**

સત્પુરુષના સહવાસમાં રહેવું એટલે પછી કાંઈ કઠણ લાગશે નહિ. 'રાઈ આડે પર્વત છે' એમ કહેવાય છે પણ સંતપુરુષ જ્યારે સમજ આપે ત્યારે એ સમજાય છે. એમ આટલો મોટો ભવસમુદ્ર પણ સત્પુરુષના સહવાસથી ગાયના પદ ગોષ્પદ જેટલો લાગે છે. ગોષ્પદ એટલે વરસાદમાં સાધારણ કાદવ થયેલી ભૂમિ પર ગાયના પગની ખરી ઊપસે તેમાં પાણી ભરાય છે, તેટલો ભવસમુદ્ર જણાય છે.

જોયેલાનું સ્મરણ આવે, પણ ન જોયેલાનું શું ? મુખથી ગમે તે ઈષ્ટદેવતાનું નામ લેવું અને જે સત્પુરુષને આપણે જોયેલા છે, જેના પર આપણી પૂર્ણ શ્રદ્ધા છે. તેનો આકાર મનમાં લાવવો. આપણે જોયેલા સત્પુરુષ એ જ આપણા ઈષ્ટદેવતા છે એમ સમજવું. હું જોકે આવો વિચિત્ર હોઉં, તોપણ આ આકાર મનમાં લાવવો. અહીંનું પીંજરું, ઝૂંપડી આ વિચિત્ર પ્રકારનું ગૂણપાટ વગેરે સર્વ યાદ આવશે. સ્થૂળદેહી જીવને યાદ કરવા માટે સ્થૂળ આકારની જ જરૂર પડે છે. પછી આ આકાર દેખાય છે.

અખંડસુખની ચાવી સર્વોપરી સદ્‌ગુરુના હાથમાં છે. તે કહે તેમ વર્તવું. સત્પુરુષ જમીન છે, જેવું બી વાવશો, તેવું ઊગશે. હાલના સમયમાં આ એક જ ઉપાય છે. હવે તમારાથી શું તપશ્ચર્યા થવાની છે ? પહેલાં બાર હજાર વર્ષ તપશ્ચર્યા કરતા હતા, પણ હવે બાર દિવસ પણ થશે નહિ. યજ્ઞયાગ વગેરે બીજાં સાધનો પણ કાંઈ થઈ શકતાં નથી. પછી સાદો અને સરળ ઉપાય કહીએ તો તે એ કે સત્પુરુષને પકડી રાખવા.

'ઉપાસની વાક્સુધા ભાગ-૨', પૃ.૧૦૦ ❑

**ચરણશરણ**

બીજું કંઈ શોધ મા. માત્ર એક સત્‌પુરુષને શોધીને તેનાં ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા, પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે. - **શ્રીમદ્ રાજચંદ્ર**

'કર વિચાર તો પામ', ત્રી.આ.પૃ.૨૩ ❑

# (૪) પૂજ્ય શ્રીમોટા સાથેનાં સંભારણાં (૧)

રજનીભાઈ બર્માવાળા

*(શ્રી રજનીભાઈ બર્માવાળાએ તેઓશ્રીના પૂજ્ય શ્રીમોટા સાથેના પ્રસંગો અમોને લખી મોકલેલ છે. તેને સંપાદિત કરીને 'હરિભાવ'માં પ્રકાશિત કરી રહ્યા છીએ. હરિઃૐ આશ્રમ, સુરતના ટ્રસ્ટી મંડળના તેઓ સભ્ય-ટ્રસ્ટી છે - સં.)*

શ્રીમોટાની સ્થૂળ હયાતી દરમિયાનના અને તેઓશ્રીના દેહત્યાગ બાદના ઘણા પ્રસંગોનાં મારાં સંસ્મરણો છે. તે બધાને લેખિત સ્વરૂપમાં મૂકવાનું મારે માટે જરા અઘરું છે. છતાં શ્રીમોટાની કૃપાસહાયથી આ પ્રયત્ન છે.

શ્રીમોટાને પ્રત્યક્ષ મળવાનું શ્રીપ્રભુકૃપાથી ફેબ્રુઆરી/માર્ચ ૧૯૬૮માં બન્યું એવો ખ્યાલ છે. તે વર્ષે રામનવમીનો ઉત્સવ શ્રીગમનભાઈ જી. તમાકુવાલા કે જેઓ સેલ્સટૅક્સના વકીલ હતા. તેમના દ્વારા બરાનપુરી ભાગોળ કોટસફીલ રોડ પર તારીખ ૭-૫-૧૯૬૮ના રોજ ઉજવાયો હતો. તેમાં મેં અવશ્ય હાજરી આપી હતી. શ્રીમોટા સાથે સંબંધ બંધાવાનું એક અન્ય પણ નિમિત્ત કારણ છે. મારા એક બર્મીઝ ગુરુજી ઉ તૈં (U Thein) હાલ મ્યાનમાર-બર્માના રંગુન શહેરમાં હતા, તેમનો તા.૨૧-૧-૧૯૬૮નો મારા ઉપરનો એક પત્ર છે. જે હાલ પણ મારી પાસે છે.

સૂક્ષ્મ જગતની અત્યંત ભયંકર, ડરામણી અને બિહામણી તકલીફોનો અનુભવ થોડાક સમયથી મને થઈ રહ્યો હતો. મને એવાં એવાં ભયંકર સ્વપ્નો આવતાં હતાં કે જેમાં ખૂબ જ ક્રૂર રીતે ખૂન થતા હોય. એકદમ હબકી જવાય, આપણે છળી મરીએ એવાં હતાં. એટલે તેના નિવારણ માટે મેં મારા બર્માના ગુરુજીની મદદ માગી હતી.

આ તબક્કે મારે એક ઘટનાનો ઉલ્લેખ કરવો જરૂરી જણાય છે. ઉપર ઉલ્લેખ કર્યો છે એવાં સ્વપ્નો કરતાં ક્યાંય ભયંકર કહી શકાય એવા પ્રસંગમાં મારા દેહાંતની નોબત આવી ગઈ હતી. આવી મારી તકલીફોમાં ગુરુજીએ પોતાના જાનની પરવા કર્યા વિના પોતાની ગૂઢ અને અલૌકિક શક્તિના બળે સને ૧૯૬૩-૬૪માં મારા પર ૨૧-૨૧ દિવસના અંતરે ત્રણ-ત્રણ વખત કંઈક ગૂઢ વિધિ-ક્રિયા કરી હતી. આ કારણે મારા શરીરનો અંત અટકી ગયો હતો. ગુરુજીએ મને ખાતરી આપી હતી કે હવે વિશ્વની કોઈ શક્તિ તમારું કોઈ પણ પ્રકારે અહિત કરી શકશે નહિ. (No power in this world will be able to do any ill-will to you) આ રીતે ગુરુજીએ મને નિર્ભય બનાવી દીધો હતો.

ઉપર જણાવ્યા પ્રમાણે ગુરુજીએ મને રક્ષણનું કવચ આપી તદ્દન નિર્ભય બનાવ્યો હતો. છતાં પણ જુલાઈ/ઑગસ્ટ ૧૯૬૭માં અગાઉની તકલીફો શરૂ થતાં તે અંગે પત્ર દ્વારા ગુરુજીનો મેં સંપર્ક કર્યો હતો અને તેમના દ્વારા મંત્રેલી ઔષધિઓ મેં મંગાવી હતી. તે સમયે બર્મામાં લશ્કરી રાજ હતું. એટલે કોઈ પણ પ્રકારના પાર્સલ પરદેશ મોકલવાની મનાઈ હતી. તેનો પ્રતિબંધ હતો. વળી, એ ઔષધિ સોનેરી વરખવાળી હોવાથી એ કાર્ય વિશેષ મુશ્કેલ હતું.

આ સમસ્યાનો એક ઉકેલ એવો હતો કે કોઈ વ્યક્તિ રંગૂનમાંથી એ ઔષધિ લઈને અહીં ભારત આવે તો પછી એ મને રૂબરૂ પહોંચાડી શકે, પરંતુ મિલિટરી રૂલના કારણે આ પ્રકારની

**(અનુસંધાન પેજ નં. ૧૭ ઉપર)**

# (૫) સમર્થના સથવારે (મૌનનિવેદન)

ભાઈલાલભાઈ કે. સોની

પૂજ્ય શ્રીમોટાના હરિઃૐ આશ્રમ, નડિયાદના મૌનમંદિરમાં સને ૨૦૦૬થી એટલે કે છેલ્લાં તેર વર્ષથી શ્રીહરિકૃપાથી જ હું અનુષ્ઠાન માટે પ્રવેશ મેળવી શકું છું. હમણાં જાન્યુઆરી ૨૦૧૮માં પાંત્રીસ દિવસનું મારું મૌન અનુષ્ઠાન સારી રીતે પૂર્ણ થયું છે. આ મૌનરૂમમાં પ્રભુભજનમાં લીન થવાય છે. પૂજા, જાપ, ધ્યાન અને આધ્યાત્મિક વાંચન કરતાં કરતાં બધો સમય આનંદમસ્તીમાં પસાર થઈ જાય છે. હવે તો આ અંધારા ઓરડા-મૌનરૂમો અંગે ઘણાને જાણકારી છે કે ત્યાં પેપર, ટી.વી, ફોન વગેરેની સગવડ હોતી નથી. ઉપરાંત, બધાંજ કુટુંબીજનો અને બહારના જગત સાથેનો સંપર્ક હોતો નથી. આ **અગમ-નિગમના અંધારા ઓરડામાં એવો અનુભવ થાય છે કે જાણે હિમાલયની ગુફામાં સાધના કરવા બેઠા છીએ.**

આ મૌનમંદિરમાં સદ્ગુરુ પૂજ્ય શ્રીમોટાની ચેતનાની ઉપસ્થિતિનો અનુભવ-નિરંતર-સતત થયા કરે છે. ઉપરાંત, જે આધ્યાત્મિક અનુભવ થાય કે લાભ મળે એ શબ્દથી વર્ણવવા શક્ય નથી. માનવી તરીકે આપણે આખા જગતના સંપર્કમાં રહેતાં હોઈએ-ઘણાંને મળતાં હોઈએ, પરંતુ આપણે આપણા જ અંતરમન-આત્મા સાથે કોઈ સંવાદ કે વાતચીત કરતાં હોતાં નથી. આ મૌનરૂમમાં એ સુપેરે શક્ય બને છે. આપણી અંદર જે ઊણપો કે ખજાનો છે તેનો ખ્યાલ આ મૌનઅનુષ્ઠાન દરમિયાન આવે છે.

વર્ષમાં ઓછામાં ઓછું એકવાર મૌનમાં બેસવાથી આપણી બૅટરી ચાર્જ થતી હોય એમ અનુભવાય છે. આ પ્રકારના ચાર્જિંગ માટેની આ આધ્યાત્મિક-આધુનિક લૅબોરેટરી છે. મૌનએકાંતની પ્રચંડ શક્તિનો પણ અહીં અનુભવ થાય છે. ઈશ્વર કે પરમાત્મા સાથે હું-તે-તું અને તું-તે-હું નો એકાકારનો અનુભવ થાય છે. અંતઃકરણના રાગદ્વેષ કંઈક અંશે મોળા પડે છે અને સ્વભાવમાં શાંતિનું સ્થાપન થાય છે.

સામાન્ય રીતે તો જિંદગીમાં ભણવું-કમાવું-પરણવું અને સંપત્તિ-સંતતિ પ્રાપ્ત કરી ગાડી-બંગલા કે સાંસારિક કે સામાજિક એક બે હોદ્દા પ્રાપ્ત કરવા એમાં જીવનની ઈતિશ્રી આવી જાય છે.

પૂજ્ય શ્રીમોટાએ કહ્યા પ્રમાણે કર્મનાં પોટલાં લઈને આવીએ અને મોટાં પોટલાં સાથે વિદાય લઈએ એવું બનતું હોય છે.

મૌનરૂમમાં પૂજ્ય શ્રીમોટા મૌનાર્થીની બધી સંભાળ રાખે છે. સાધકના આચારવિચાર જેટલા પ્રમાણમાં શુદ્ધ અને પ્રમાણિક હશે તેના પ્રમાણમાં તેને દિવ્ય અનુભવોનો લાભ પણ મળતો હોય છે. આશ્રમનું સાદું-સાત્ત્વિક ભોજન તેમ જ સેવકોની સમયસરની સેવાઓના કારણે સાધનામાં આગળ વધવાની શક્યતાઓ વિશેષ હોય છે. આશ્રમમાં બોર્ડ છે કે આવે તેને એક સલામ, જાય તેને સો સલામ અને ન આવે તેને હજાર સલામ ! એક રીતે વિચારીએ તો કુટુંબના સભ્યો સાથે જે પ્રકારની આપણી લોહીની સગાઈ હોય છે તેવા અર્થમાં શ્રીમોટા સાથે આપણી કોઈ સગાઈ હોતી નથી, તેમ છતાં મૌનરૂમમાં જે કાળજી લેવાય છે, તે પણ અનુભવનો વિષય છે.

આ મૌનરૂમમાં દરેક સાધકે પોતપોતાનો દિનભરનો કાર્યક્રમ પોતાની અનુકૂળતા પ્રમાણે ગોઠવી દેવાનો હોય છે. વહેલી સવારે ત્રણ વાગ્યાથી સાંજના સાડા આઠ વાગ્યા સુધીના સમયનો દૈનિક કાર્યક્રમ પોતાની રીતે ગોઠવી દેવાનો હોય છે, તેમ કરવાથી ઘણી સરળતા અને અનુકૂળતા જળવાઈ રહે છે.

❑

## (૬) જ્ઞાનીને કર્મનો ડર કે કંટાળો હોતો નથી

વિનોબાજી

માણસ એ દેવ અને પશુ બેની વચ્ચોવચ્ચ ઊભો છે. એક રીતે તે બે વચ્ચેનો સાંધો છે અથવા તો તે બેને જોડનારી કડી છે, એમ પણ કહી શકાય. તે જો ઇચ્છે તો પશુ કરતાં પણ બદતર પશુ થઈ શકે છે. એનો અનુભવ ડગલે ને પગલે થાય જ છે, પણ જો તે ધારે તો દેવ બનવાની શક્તિ પણ તેનામાં છે એવો અનુભવ પણ-ભલેને તે થોડો હોય - દુનિયાને થયો છે. नर का नारायण થવું અશક્ય નથી. આ વાત આજ સુધી અનેક મહાન પુરુષોએ પોતાની કરણીથી દુનિયાને બતાવી આપી છે.

આકાશના પોલાણમાં અસંખ્ય તારાઓ ભરેલા છે. દૂરબીનની સહાય વિના કેવળ આંખથી એ બધાનું દર્શન કરી શકાતું નથી. દૂરબીનથી પણ બધા જ તારાનું દર્શન તો નથી જ થઈ શકતું, પણ એકલી આંખની નજરમાંથી સંતાઈ રહેલા કેટલાક નાના તારા દૂરબીન દ્વારા દેખાય છે. જીવન પણ આકાશના જેવું પોલું છે, પણ એ પોલું દેખાતું જીવન નક્કર સિદ્ધાંતોથી ભરેલું છે. એકલી બુદ્ધિને તેમાંના ઘણા ઓછા સિદ્ધાંતો ગમ્ય છે, પણ તપશ્ચર્યાનું દૂરબીન લગાડીએ ત્યારે કેટલાક સૂક્ષ્મ સિદ્ધાંતો ડોકિયાં કરવા લાગે છે. આવો એકાદ સિદ્ધાંત કે તત્ત્વ જે જોવા પામ્યો હોય તેને મંત્ર દર્શન થયું એમ કહેવાય. તેનું નામ ઋષિ. 'ઋષિ'નો મૂળ અર્થ 'મંત્ર જોનારો' એવો છે. વિશ્વામિત્ર ઋષિએ ઘોર તપશ્ચર્યા કરી ગાયત્રીમંત્ર પ્રાપ્ત કર્યો એ વાત પ્રસિદ્ધ છે.

જૂના વખતમાં મહારાષ્ટ્રે સ્વરાજ્યની ભારે મોટી ચળવળ કરી હતી. આ ચળવળના આગેવાનો માટે લોકમાન્ય તિલક મહારાજના 'ગીતારહસ્ય'માં રજૂ કરેલ **'મનમાં નામ હાથમાં કામ'નો મુદ્દો ધ્યાનમંત્ર હતો.** ગોરોબા કુંભાર એ આગેવાનોના ગુરુ મનાતા, એટલી તેમની ખ્યાતિ હતી, પણ તેથી માટલાં બનાવવાનું કામ તેઓએ કદી પણ બંધ કર્યું નહોતું. સેના વાળંદ એ ચળવળના મોટા સેનાપતિ હતા, તોય માથા પરનો મેલ ઉતારી અરીસો આગળ ધરવાનું તેમનું કામ નિયમિતપણે ચાલુ જ હતું. નામદેવ તો એ ચળવળના પ્રાણ સમાન હતા. પ્રભુ પોતે નામદેવનું નામ જેટલું જપતા, તેટલું કદાચ પ્રભુનું નામ નામદેવ ભાગ્યે જ જપતા હોય. આમ છતાં ફાટેલાં કપડાં સીવવાનું તેમનું કુલવ્રત અબાધિતપણે ચાલુ જ હતું અને આમ હતું તેથી જ એ વખતે થોડા સમય માટે પણ સ્વરાજ્યનાં દર્શન થયાં.

**'જ્ઞાની' કહેવડાવનારા લોકોને કર્મ કરવાનો કંટાળો આવવા માંડે અથવા તો કર્મ કરવાની શરમ લાગવા માંડે એટલે રાષ્ટ્રની પડતીનો સમય આવ્યો જ સમજવો.** 'જેઓ કર્મને હલકું ગણીને તેને ટાળે છે, તે અણઘડ ગમાર છે, જ્ઞાની નથી' એ વાક્ય તો જ્ઞાનીઓના રાજા જ્ઞાનેશ્વર પોતે કહી ગયા છે.

ખરેખર **જ્ઞાનીને કર્મનો ડર લાગતો નથી તેમ જ કંટાળો પણ લાગતો નથી.** સામાન્ય જ્ઞાનને જ નહિ પણ બ્રહ્મજ્ઞાનને પણ આ નિયમ લાગુ પડે

છે. માણસમાં જ્ઞાન જેટલું પચ્યું હોય તેટલા પ્રમાણમાં તે કર્મમાં પણ રસ લેતો થયો જ જાણવો. જ્ઞાનના ઉદયની સાથે કર્મની માથાકૂટનો અસ્ત થાય છે એ વાત સાચી છે, પણ કર્મની માથાકૂટનો અસ્ત થાય છે એનો અર્થ કર્મનો અસ્ત થાય છે એવો નથી, **કર્મ સહજ થઈ જાય છે એવો તેનો અર્થ છે.** આપણે કેટલાક જ્ઞાનીઓની જ સાક્ષી આપીએ :-

શ્રીકૃષ્ણ કહે છે, 'માણસના ચિત્તમાં જ્ઞાનનો ઉદય થતાંની સાથે જ તેના 'હું'નો અસ્ત થાય છે. તેથી તેને લોકો માટે લાગણી થવા માંડે છે. ઉપરાંત ધૈર્ય અને ઉત્સાહનાં કિરણ બધે ફેલાવાથી ભીતિ કે કંટાળાનો સવાલ જ રહેતો નથી. આવી સ્થિતિમાં જ્ઞાની બેવડા જોરથી કર્મનું આચરણ કરવા લાગે છે. ભૂતદયાને લીધે તેના દેહને લોકસંગ્રહની સહેજે ટેવ પડે છે. શ્રેષ્ઠ પુરુષો કર્મ ન કરે તો લોકોને કર્મનો પાઠ કોણ આપે ? એવા સામાજિક યુક્તિવાદથી તેનું વધુ સમર્થન કર્યું છે.'

શંકરાચાર્યની જુબાની જોઈએ. તેઓશ્રી કહે છે, 'જ્ઞાનનો અગ્નિ પ્રદીપ્ત થાય એટલે કર્મો બળી જાય છે' એમ જે કહેવામાં આવ્યું છે, તે સાંસારિક કર્મોને ઉદ્દેશીને છે. પારમાર્થિક કર્મો આચરવાથી જ માણસને જ્ઞાન પ્રાપ્ત થયેલું હોય છે. એટલે કે બીજી રીતે કહીએ તો, **આ કર્મની કૂખેથી જ્ઞાનનો જન્મ થયેલો હોય છે. તેથી તો કર્મ જ્ઞાનને માતા સમાન છે.**

ત્રીજી જુબાની સમર્થ રામદાસની જોઈએ. તેઓ કહે છે, 'સાધકને જ્ઞાનનું 'રહસ્ય' પ્રાપ્ત થઈ જાય તોયે તે પૂર્વવત્ પ્રયત્ન કરતો જ રહે છે, કારણ, આ રહસ્યનેય કાટ નહિ ચડે તેનો શો ભરોસો ? સાવધાન વૃત્તિથી તે પોતાની ઉપાસના ચાલુ રાખે છે અને છેવટ સુધી સત્કર્મનું આચરણ કરતો રહે છે.'

ચોથી જુબાની તુકારામ મહારાજની. પોતાનો જ અનુભવ કહેતાં તેઓ કહે છે, 'હું માત્ર એક સામાન્ય 'તુકો' હતો. તે વખતે સંતોની સોબત થઈ અને ભજનનો છંદ લાગ્યો. હવે હું 'રામ' થયો છું ખરો પણ મારું ભજન કંઈ બંધ થતું નથી, મૂળનો સ્વભાવ જતો નથી, તેને હું શું કરું ?' ❑

### સ્વાર્થ

(અનુષ્ટુપ)

સ્વાર્થમાં સ્વાર્થી હોવું તે સંપૂર્ણતઃ ના જરૂરી તે,
પ્રમાણિકપણે સ્વાર્થ શકાતો સાધી હોય છે;
ઢગલાબંધ લક્ષ્મીને ભલે ભેગી ન તે કરે,
કિંતુ જે સ્વાર્થમાં શ્રેય વર્તે જીવન તે તરે.

'સ્વાર્થ', પ્ર.આ. પૃ.૨૦ **-શ્રીમોટા**

### અંગ્રેજીમાં ભાવાર્થ

It is not at all necessary
to be grossly selfish,
MInimal selfishness can achieve
the desired objectives;
such selfishness may not mass
tones of money
But he who is moderate even
in selfishness
walks through life with
ease and grace.

**-શ્રી બાબુ સરકાર**

# (૭) પૂજ્ય શ્રીમોટાની કૃપાસહાયના બે અનુભવ

**ડૉ. રશ્મિકાંત ઓચ્છવલાલ ગાંધી**

માનવીના જીવનમાં અમુક પ્રસંગો એવા બને છે કે જેને સામાન્ય વિજ્ઞાન કે બુદ્ધિથી સમજવા અશક્ય હોય છે ત્યારે તેને ચમત્કાર કે કૃપા શબ્દથી જ સમજી શકાય. હજુ આજે પણ જગતમાં ઘણી વસ્તુઓ એવી છે કે જેનો બુદ્ધિગમ્ય ઉત્તર મુશ્કેલ છે.

હું એક ઑર્થોપેડિક સર્જન છું. મારાં પિતાશ્રી સ્વ. ડૉ. ઓચ્છવલાલ ગાંધી અને માતા સ્વ. શ્રી સવિતાબહેન, બન્ને પૂ.મોટાના પરિચયમાં અને તેઓશ્રીના કૃપાપાત્ર હતાં. મને બાળપણથી પૂજ્ય શ્રીમોટા અને પૂ. શ્રી નંદુભાઈના સાનિધ્યનો અવસર મળ્યો અને તેનો મારા જીવનમાં ખૂબ જ પ્રભાવ રહ્યો ઉપરાંત તેઓશ્રીની કૃપાનો વારંવાર મને અનુભવ થતો રહ્યો છે. જીવનના ઘણા પ્રસંગોએ પૂજ્યશ્રીની કૃપાનો અનુભવ થયો છે, પરંતુ એક-બે મુખ્ય પ્રસંગો આપની સમક્ષ મૂકવાની ઇચ્છા થાય છે.

૨૬ જુલાઈ, ૧૯૮૯ની વાત છે. સુરતમાં નવી-નવી જ ઑર્થોપેડિક પ્રૅક્ટિસ મેં શરૂ કરી હતી. ત્યાં અચાનક જ ૨-૪ દિવસથી તાવ આવે અને ખાવાની રુચિ જ ન થાય. બધા લૅબોરેટરી ટેસ્ટ કરાવ્યા તો Hepatitis-3 (કમળો-બી ટાઈપ) નિદાન થયું. treatment એ પ્રમાણે શરૂ કરી. મારા પિતા અને અમે સાથે જ રહેતા હતા. એક દિવસ સવારે એમને લાગ્યું કે મારું વાત કરવાનું કંઈક યોગ્ય નથી. તેમને કંઈક અજુગતું લાગ્યું અને તરત ૨-૩ ડૉક્ટર મિત્રોને ફોન કર્યો અને મને હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યો. લગભગ અડધા થી પોણો કલાકમાં મેં યાદશક્તિ અને ભાન ગુમાવી દીધું. હૉસ્પિટલ પહોંચતાં જ મને Bloodની ઊલટી થઈ અને એ acute jalminaling nectosis of liver એટલે લીવરના કોષો ઝડપથી મરી રહ્યા છે તેની ભયાનક નિશાની હતી. હૉસ્પિટલમાં ઘણા ડૉક્ટર મિત્રો અને સગાંવહાલાં ભેગાં થયાં હતાં. તરત જ મુંબઈ જવાનું નક્કી કરવામાં આવ્યું અને રાતની ટ્રેનમાં ગમે તેમ ટિકિટ અને રિઝર્વેશન મેળવી સવારે મુંબઈ પહોંચ્યા. મુંબઈમાં ધોધમાર વરસાદ અને ઠેરઠેર પાણી ભરાયેલાં હતાં. જેમ તેમ કરી હરકીશન હૉસ્પિટલ પહોંચ્યા તો ત્યાં જગ્યા ન હતી. ફોન ઉપર ડૉ. શિરીષ ભણસાલી જોડે વાત થઈ અને એમણે જસલોક હૉસ્પિટલ પહોંચવા કહ્યું. જસલોક હૉસ્પિટલ પહોંચતાં જ તેમણે કરેલ Instruction મુજબ દાખલ થઈ ગયા અને Investigation થયા. ૨-૩ કલાકમાં ડૉ. ભણસાલી આશરે સવારે ૧૦-૦૦ની આસપાસ આવ્યા. રૂમમાં તપાસ કરી બધા Report જોયા બાદ કહ્યું કે ‘પેશન્ટ હીપેટીક કૉમામાં છે. મારે કંઈ ખાસ કરવાનું નથી. symptomatic ટ્રીટમેન્ટ આપીએ છીએ અને મારી દૃષ્ટિએ પ્રાર્થના સિવાય કંઈ કામ લાગે તેમ નથી.’ આ શબ્દો મારા પિતા અને સમગ્ર કુટુંબ ઉપર વજાઘાત સમાન હતા.

બધા પોતપોતાની રીતે બાધા-રાખડી-મહામૃત્યુંજય જપ-પ્રાર્થના કરવા માંડ્યા. હું તો બેભાન અવસ્થામાં જ હતો. બીજો દિવસ પણ બધાએ આ રીતે જ પૂરો કર્યો. આમ, બેભાન અવસ્થામાં લગભગ ૭૨ કલાક પૂરા થયા. ત્રીજે દિવસે રાત્રે મારાં કાકી અને મારો મામાનો પુત્ર રાત્રે રૂમમાં સુઈ રહ્યાં હતાં. બધાને પૂ. મોટા ઉપર અતૂટ શ્રદ્ધા. ચોથે દિવસે સવારે લગભગ છ વાગ્યે મારાં કાકી અને ભાઈ રૂમમાં આવ્યાં. કાકીએ એક પેન્ડલ ગળામાં પૂજ્યશ્રીના ફોટાવાળું પહેર્યું હતું. તે પેન્ડલ એમણે મને બતાવીને પૂછ્યું કે રાજુ આ કોણ છે ? મારો જવાબ હતો પૂ.મોટા છે. બસ That was a turning point.

એ સેકંડથી આખી બાજી ફરી ગઈ. એ સેકંડ પછીનું મને બધુ જ યાદ છે. બેભાન અવસ્થાના એ ૭૨ કલાકનાં પાનાં જાણે જિંદગીની કિતાબમાંથી ફાટી ગયાં. હૉસ્પિટલમાં અને બધાને આ સમાચાર જાણી ખૂબ જ આનંદ થયો.

હવે આ આખી ઘટનાને શું કહેશો ? મૅડિસિનનો ચમત્કાર કે કોઈ અલૌકિક ઘટના કે પૂ. શ્રીમોટાની અનન્ય કૃપા. મેડીસીનનો ચમત્કાર તો નહીં જ. એક્યુટ હીપેટીક નેક્રોસીસમાં લીવરના સેલ મરવા માંડે છે અને લીવર કામ કરતું બંધ થાય છે. શરીરના અગત્યના કેમિકલ બનાવતી મુખ્ય ફેક્ટરી બંધ થાય એટલે એની અસર તરત જ બધા organs ઉપર પડે અને બીજા organs પણ ધીમે-ધીમે કાર્ય કરતા બંધ થઈ જાય. ૧૯૮૯માં એ સમયગાળા દરમિયાન ગુજરાતમાં હીપેટાઈટીસ ખૂબ જ પ્રમાણમાં હતો. નવી સિવિલ હૉસ્પિટલમાં અમદાવાદમાં ત્રણ ડૉક્ટરોને આ ચેપ લાગ્યો હતો અને તેઓના મૃત્યુ ૨-૩ દિવસમાં જ થયા હતા.

Hepatite માં મૃત્યુનો દર લગભગ ૯૮% થી ૯૯% હોય છે. બચવાના ચાન્સીસ લગભગ નહિવત્ હોય છે. બીજુ ડૉ. ભણસાલી ભારતના અને સંપૂર્ણ વિશ્વના ખ્યાતનામ ગેસ્ટ્રોહોન્ટ્રોલોજીસ્ટ છે. (જેમણે અમિતાભ બચ્ચનને કુલી ફિલ્મના એક્સીડૅન્ટ વખતે ટ્રીટમેન્ટ આપી હતી.) એમના જ શબ્દો હતા કે મારે કંઈ ખાસ કરવાનું નથી. તમારે પ્રાર્થના જ કરવાની છે. ડૉ. ભણસાલી જ્યારે રાઉન્ડ ઉપર આવ્યા ત્યારે મને મળીને તેમના શબ્દો હતા. **'આ તમારી પ્રાર્થનાનો ચમત્કાર છે. આમાં મારું પ્રદાન ઝીરો છે.'**

ઉપરનો આખો પ્રસંગ પૂ.શ્રી મોટાની અનન્ય કૃપા અને ઉપકારનો છે. એક ડૉક્ટર અને સર્જન તરીકે શરીરની રચનાને ઊંડાણમાં સમજ્યા બાદ પણ લાગે છે કે જ્ઞાન અને વિજ્ઞાનની આગળ એક સુપર પાવર છે, જે આપણી સમજની બહાર છે.

ઘણીવાર વિચારતા લાગે છે કે **આપણે ખૂબ જ નસીબવાળાં કે આવા સદ્‌ગુરુનું સાન્નિધ્ય અને કૃપા આપણને પ્રાપ્ત થયાં.** જિંદગીમાં એવા ઘણા પ્રસંગોએ પૂ.શ્રીની કૃપાનો અનુભવ અને પ્રતિતિ થઈ છે.

પૂજ્યશ્રીએ દેહત્યાગ વખતે કહ્યું હતું કે જે કોઈ મને મનથી યાદ કરશે તો હું જીવિત છું એના કરતાં પણ વધુ, હું શરીરે હયાત નહિ હોઉં ત્યારે ગમે ત્યારે અને ગમે ત્યાં મદદ કરીશ. ખરેખર એ કથનની સાર્થકતા આ જીવે વારંવાર અનુભવી છે.

બીજો એક પ્રસંગ અહીં લખવાનું મન રોકી શકતો નથી. તા. ૧૦ ડિસેમ્બર ૨૦૧૦ના રોજ મારી પુત્રીનાં લગ્ન નક્કી કર્યાં હતાં. બધી તૈયારી પૂરજોશમાં ચાલતી હતી. ત્યાં અચાનક એક સવારે મારાં પત્નીને ચીકનગુનિયાને લીધે શરીર અને પગ જકડાઈ ગયા. લગ્નને ૧૫-૧૭ દિવસની વાર હતી. ખૂબ જ ચિંતા થઈ. તેના માટે પથારીમાં બેસવું કે ચાલવું અશક્ય હતું. ચીકનગુનિયાની આમ તો કાંઈ ખાસ સારવાર નથી, પરંતુ સારવાર ચાલુ કરી અને સૌ મનોમન પૂજ્યશ્રીને પ્રાર્થના કરતા. દવાની અસર થઈ અને લગ્નના ૫-૭ દિવસ આગળ તે normal સંપૂર્ણ સારી થઈ ગઈ અને પ્રસંગ ખૂબ જ સારી રીતે પાર પડી ગયો. બધાંએ પૂજ્યશ્રીનો ખૂબ અંતઃમનથી આભાર માન્યો. લગ્ન પત્યાને ૪ દિવસ પછી ફરી મારી પત્નીનું શરીર ચીકનગુનિયાને લીધે જકડાઈ ગયું અને ફરી ૧૫-૨૦ દિવસે ઠેકાણે પડ્યું.

હવે લગ્ન વખતના ૧૦ દિવસનો સમય સંપૂર્ણ સારો ગયો અને ફરી ચીકનગુનિયાનો એટેક આવે તે મેડિકલી તો કોઈ રીતે સમજી શકાય તેમ નથી. હવે આ પણ એક ચમત્કાર કે પૂજ્યશ્રીની કૃપા હતી એમ અમે માનીએ છીએ.

પૂજ્યશ્રીનાં ચરણોમાં સાષ્ટાંગ પ્રણામ સહ હરિઃૐ ❑

## (૮) શાંતિનું સ્થાપન

**થોમસ કેમ્પિસ**

તારી ઈચ્છા પ્રમાણે વર્તવા કરતાં બીજાની ઈચ્છા પ્રમાણે વર્તવાનો પ્રયાસ કર. હંમેશાં ઊતરતી કક્ષાએ તારી બેઠક લે અને બધા માણસો કરતાં પોતાને ગૌણ માન. જે માણસ આ સૂત્રો પ્રમાણે આચરે છે તે શાંતિ અને વિરામના પ્રદેશમાં દાખલ થાય છે.

નિરર્થક કુતૂહલવૃત્તિથી સાવધ રહેજે. અમુક માણસ ભલો હોય કે ભૂંડો હોય, અથવા તો તે શું કહે છે કે શું કરે છે એની તારી શી પંચાત ? બીજાઓને માટે તારે જવાબ આપવાનો નહિ રહે. તારે તો તારા પોતાના આચાર-વિચારને લગતો હિસાબ આપવાનો રહેશે. તો પછી, જ્યાં તારી જરૂર ન હોય તેવી બાબતોમાં તું શા માટે માથું મારે છે ?

ભગવાન બધાંને ઓળખે છે અને સૂર્ય તળે જે કંઈ બને છે, તે તે જુએ છે. દરેક કેવો વિચાર કરે છે, કેવી ઈચ્છાઓ સેવે છે, અને તેનો ઉદ્દેશ કેવો છે, તે બધું એ બરાબર જાણે છે. ખટપટિયા માણસને જેટલી ખટપટ કરવી હોય તેટલી કરવા દે, એના શબ્દોનો અને કૃત્યોનો ભાર એના માથે જ રહેશે, કારણ કે તે **ભગવાનને છેતરી નહિ શકે.**

શાંતિ તો બધા જ માણસો ઝંખે છે, પણ જેનાથી શાંતિ સ્થપાય છે, તેવી બાબતોનું આચરણ કરવાની બધાંને પડી હોતી નથી. બીજાઓના આચરણ વિશે કે તેમનાં વચનો સંબંધી ઉતાવળો અભિપ્રાય ન બાંધજે. તને ન સોંપાયેલી હોય એવી બાબતોમાં તું માથું મારતો નહિ. તારે ચિંતા કે હૃદયતાપના કે શારીરિક પીડાના પ્રસંગો તો આવશે જ કારણ કે આ મૃત્યુલોકમાં એવી જ સ્થિતિ હોય છે.

તારે માથે જ્યારે કોઈ મુશ્કેલી ન હોય, ત્યારે જ તને સાચી શાંતિ લાધી છે એમ તું માની બેસતો નહિ. વળી, જ્યારે કોઈ તારો વિરોધ ન કરે ત્યારે બધું ઠીક છે એવું અનુમાન નિરાધાર છે અથવા તો જ્યારે બધું તારી ઈચ્છાનુસાર થાય ત્યારે તું 'સબસલામત' છે, એવી કલ્પનામાં રાચતો નહિ. **મનુષ્યનો આધ્યાત્મિક વિકાસ આવી બાબતો ઉપર આધાર રાખતો નથી.**

ઈહલોક કે પરલોકનો તારો પોતાનો સ્વાર્થ શોધ્યા વિના, તું ઈશ્વરેચ્છાને તારી જાતનું સંપૂર્ણ સમર્પણ કર. તે પછી ચડતી કે પડતી બન્ને દશામાં સમભાવે પ્રભુનો ઉપકાર માનવો જોઈએ. વધુ પડતી બેચેની અને મનના બીનજરૂરી ગભરાટથી તું શાને થાકીને લોથપોથ થઈ જાય છે ?

તારો વિરોધ કરે એવો દરેક ઠેકાણે મળશે. તેમના પ્રત્યે તારો તટસ્થભાવ રાખ. આ તો માત્ર નાણાં અને ધનદોલતના લોભને લાગુ પડે છે એમ સમજતો નહિ. માનમરતબાની લાલસા અને મિથ્યા પ્રસંશાની તૃષ્ણાને માટે પણ આ સાચું જ છે. જ્યાં આધ્યાત્મિક ઉત્સાહનો અભાવ હોય ત્યાં સ્થળાંતર મદદરૂપ બની શકે એમ નથી.

તારા સંબંધી જો કોઈ ખોટો અભિપ્રાય ધરાવે અથવા તો તને સાંભળવું ન ગમે એવું પાછળથી કોઈ વ્યક્ત કરતા હોય તો તું તે કારણે દુભાતો નહિ. તારે તારા વિશે એનાથી પણ હલકા વિચારો રાખવા જોઈએ. દુર્દશાના વખતમાં ચૂપ રહેવું અને માણસોના અભિપ્રાયો કે ચૂકાદાથી ગભરાઈ ન જતાં અંતરથી પ્રભુ તરફ વળવું, એ કંઈ જેવું તેવું ડહાપણ નથી.

તારી શાંતિ માનવજીવન ઉપર નિર્ભર ન હોવી જોઈએ. જે મનુષ્યોને ખુશ કરવા આતુર નથી કે તેમને નાખુશ કરતાં ડરતો નથી, તેને સાચી શાંતિનું રહસ્ય મળ્યું છે એમ જાણવું.

'ખ્રિસ્તાનુકરણ', પૃ. ૧૭૯ ❑

# (૯) સંતો સાથેની સ્મૃતિઓ

**શ્રી બાબુ સરકાર**

૧૯૫૫ થી ૧૯૬૦ વચ્ચે શ્રી જે. કૃષ્ણમૂર્તિને સાંભળવા હું, મારા પિતાશ્રી અને મારા મોટા ભાઈ દર વર્ષે જતાં. એક વખત મારા મોટા ભાઈ એક ઓટગ્રાફ બુક લઈને એક ભાષણને અંતે તેમને મળવા ગયા. 'તમારો ઓટોગ્રાફ જોઈએ છીએ.' શ્રી જે. કૃષ્ણમૂર્તિએ એમના શાંત મીઠા અવાજમાં જવાબ આપ્યો– 'હું ક્યાંય સહી કરતો નથી.' 'કોઈને પત્ર લખો ત્યારે પણ નહિ ?' મારા ભાઈએ સવાલ કર્યો. 'હું કોઈને પત્ર લખતો નથી. જેને જે પૂછવું હોય તે આ લેક્ચર કે ટૉક્સમાં આવીને પૂછી શકે છે.' એમનો હૃદયસ્પર્શી જવાબ મળ્યો. 'ચેકબુકમાં પણ સહી નથી કરતા ?' ફરી બીજો સવાલ મારા ભાઈએ કુતૂહલ સહિત પૂછ્યો. 'મારી પાસે કોઈ ચેકબુક નથી - કોઈ બૅંકનું ખાતું પણ નથી. જેને મને બોલાવવો હોય તે બધી વ્યવસ્થા કરે.' આંખ ઉઘાડનાર જવાબ મળ્યો.

એની બેંસેટની આધ્યાત્મિક માતાએ લાખો રૂપિયા એમને માટે ભેગા કરેલા કે ભવિષ્યમાં એમને ખપમાં આવે. તેમને આત્મજ્ઞાન થતાં તે બધા દાન આપનારને પાછા આપી દીધા. 'મારી સાથે સીધો સંબંધ રાખો - પૈસા થકી યે સંબંધ પૂર્ણ નહિ રહે. પૈસો તેમાં આડો આવશે. એક યાહૂદી-વિધવા બાઈએ પૈસા પાછા લેવાનો ઈન્કાર કર્યો. હું કોઈને ઓળખતી નથી. તમને ઓળખું છું અને તમારામાં પૂરો વિશ્વાસ છે - તમારે માટે પ્રેમ છે.' 'એ મોટી દુઃખની વાત છે. મને આ લાખો ડૉલરનો બોજો અસહ્ય લાગે છે. મારે તો આખી દુનિયા મુક્ત રીતે ફરવી છે, બધા સાથે સંબંધ રાખવો છે, બધાનાં દુઃખમાં ભાગ લેવો છે. એને માટે આ ધન બંધનરૂપ છે. માટે મને જો ખરેખર ચાહતા હો, તો આ રકમ પાછી લઈ લ્યો. એ મારી સાચી સેવા છે. દુનિયામાં ઘણી સંસ્થા છે - અનાથ આશ્રમ, વૃદ્ધાશ્રમ, વિધવાશ્રમ વગેરે. જેને પૈસાની ખાસ જરૂર છે અને એનો ખરેખર ઉપયોગ કરશે, તેમને આપો.' એ યાહૂદી બાઈ માની ગઈ, પૈસા પાછા લઈ લીધા.

બીજો એક પ્રસંગ સ્વામી રામદાસનો છે.હું તેમને અવારનવાર પત્ર લખતો અને મારા પિતાશ્રીના ધંધા અંગેની મુશ્કેલી બાબત જણાવતો. જ્યારે તેઓ ફરી મદ્રાસ- હાલ ચેન્નઈ આવ્યા ત્યારે તેમના યજમાન મારફતે મારા પિતાશ્રીને ફોન કરતા. 'તમને પૂજ્ય રામદાસ બહુ જ યાદ કરે છે, તેમની ઈચ્છા છે કે તમે એકવાર એમને મળવા જાવ.' પરંતુ મારા પિતાશ્રી એમના ધંધામાં એકદમ ખૂંપી ગયા હતા. એટલે રામદાસના નિમંત્રણને ટાળતા ગયા, પરંતુ પપ્પા રામદાસના યજમાનના ઉપરાઉપરી ત્રણ ફોન આવ્યા બાદ મારા પિતાશ્રી તૈયાર થયા. હું એમની સાથે ગયો.

જ્યારે મારા પિતાશ્રી રામદાસસ્વામીને પગે લાગ્યા ત્યારે એમણે મારા પિતાશ્રીની પીઠ ખૂબ થાબડી અને બોલ્યા, 'આખરે તમોએ મને દર્શન દીધાં.' અંગ્રેજીમાં બોલ્યાં, 'At last you have given me darshan.' ખૂબ રાહ જોવડાવી. મારા પિતાશ્રીથી રહેવાયું નહિ. તેઓ ખડખડાટ હસી પડ્યા. સંતોની ખેંચવાની રીત અનોખી અને અગમ્ય હોય છે.

વિચારવા જેવી બીજી વાત. પૂજ્યશ્રી મોટાએ

કદી પણ અરીસાનો ઉપયોગ કર્યો નથી. નથી માથામાં તેલ નાખ્યું, નથી કોઈ દાંતિયાનો ઉપયોગ કર્યો, નથી ટૂથબ્રશ કે ટૂથપેસ્ટ વાપર્યું. રમણ ભગવાને પણ અરીસો, દાંતિયાનો ઉપયોગ કર્યો નથી. દર પૂનમે મૂડો કરાવી નાખતા, દાઢી, મૂંછ પણ કઢાવી નાખતા. શ્રીઅરવિંદે વાળ કપાવ્યા જ નહિ. તેમના વાળ લાંબા અને રેશમ જેવા મુલાયમ, લીસ્સા હતા. માતાજી રોજ તેમના વાળ ઓળતાં અને હપ્તે એકવાર ધોઈ દેતાં. પરંતુ તેમણે પણ કદી અરીસો વાપર્યો નથી. શરૂઆતના ફોટા લેવરાવ્યા બાદ, તેમના દેહ છોડવાને એક વરસ પહેલાં થોડાક ફોટા લેવાની મંજૂરી આપેલી.

શ્રીકૃષ્ણમૂર્તિ સાથેના બે પ્રસંગોનો હું સાક્ષી છું. એમને અવારનવાર સમાધિ આવતી. એમના વાર્તાલાપ પછી એમના નિવાસસ્થાને જતાં તેઓ ભાવ સમાધિમાં ચાલ્યા જતા, એક વખત તેઓ એવી સમાધિમાં ચાલ્યા ગયા અને તે વખતે મારી નજીક ઊભા હતા. તેઓ મારા ઉપર ઢળી પડ્યા, તેમનું માથું મારી છાતી ઉપર નમી પડ્યું અને મારી બન્ને ભુજાઓને તેમના બન્ને હાથે પકડી લીધી. થોડોક સમય તેમ રહ્યા. ત્યારબાદ તેમના સેક્રેટરીએ તેમને સંભાળી લીધા, તેઓ ભાનમાં આવ્યા ત્યારે બન્ને હાથે આજુબાજુ બધાને નમસ્કાર કર્યા. થોડા મુસ્કુરાયા અને ચાલવા માંડ્યા. મારાથી બોલાઈ ગયું 'I have never seen you so close.'

આ સ્પર્શને લીધે મારી એક બીમારી - Sinusitis ધામે ધીમે મટી ગઈ.

તેમનો બીજો પ્રસંગ ૧૯૮૫ ડિસેમ્બર આખરનો છે. જેમ જેમ સમય પસાર થતો ગયો કૃષ્ણમૂર્તિને સાંભળનારની સંખ્યા વધતી ગઈ. એટલે તેમને સાંભળવાનું મેં બંધ કરી દીધું, પરંતુ ૧૯૮૫ની ડિસેમ્બરના ક્રિસમસ બાદ મને એક સ્વપ્નુ આવ્યું. શ્રીકૃષ્ણમૂર્તિનો એકદમ સોનેરી આત્મા એમના સોનેરી દેહમાંથી નીકળી આકાશમાં ઊડવા લાગ્યો અને તેઓ બોલ્યા, "I am going. Do not waste any money in building any monument over me nor on any empty ceremony.' મારી પાછળ કોઈ સ્મારક નહિ બંધાવતા, ન તો કોઈ ધાર્મિક વિધિની પાછળ ખોટો ખર્ચો કરતા.

મેં મારી પત્નીને કહ્યું કે કૃષ્ણમૂર્તિને છેલ્લીવાર મળી લઈએ, હવે પછી એ દેહ છોડી દેશે.

અને અમે તે મેદાનમાં જેવા પ્રવેશ્યા તેવા એક કપડાના banner ઉપર તેમના લેક્ચરની બધી તારીખો ઉપર સફેદ રંગ લગાડી દીધો હતો. જાન્યુઆરી ત્રણથી જાન્યુઆરી પંદર તારીખ સુધીની બધી તારીખો ઉપર સફેદ રંગ લગાડેલો જે મેં મારા સ્વપ્નમાં જોયેલો, પરંતુ તે વખતે એનો મર્મ મને નહોતો સમજાયો. પહેલાં લાગતું હતું કે હવે એ talks નહિ આપે, પરંતુ ૫.૩૦ના ટકોરે તેઓ પધાર્યા અને બોલ્યા, 'This will be my last lacture. Doctors say I have cancer, but I donot feel so !'

આના પછી ૫ જાન્યુઆરીએ બીજું lectune હતું. કારણ કે તેમની અમેરિકા જવાની ટિકિટ ૭ તારીખે મળી.

તેમનો છેલ્લો આદેશ પણ એ જ હતો. મારી પાછળ કોઈ સ્મારક નહિ બંધાવતા, ન તો કોઈ ધાર્મિક વિધિ કરતા. તેમણે તેમનો દેહ ૧૭ ફેબ્રુઆરીની સાંજે પોતાની ઇચ્છાથી છોડ્યો.

❑

# (૧૦) નર્મદા પરિક્રમા : અનુભવ અને ચિંતન

**સ્વામી પ્રેમાનંદ સરસ્વતી**

*(ગતાંકથી આગળ)*

અમારા રાત્રિરોકાણ દરમિયાન ગામના પટવારીજી પણ અમારી સાથે રોકાયા હતા. સવારે તો સૌ પંખી છૂટાં પડવાનાં હતાં, પણ આજે વસંતપંચમી હોવાથી પટવારીજીએ અમને રોકી રાખ્યા અને દાલ-બાટી-ચૂરમું (લાડુ) જેવું ઉત્તમ ભોજન આપી અમારી મહેમાનગીરી કરી. દિવસોથી કુદઈ ખાતાં જનોને લાડુ મળે પછી શું પૂછવું ? બસ આખો દિવસ ભજન, કીર્તન અને ભાગવત ચર્ચા જ ચાલુ રહ્યાં.

એકાંત મળતાં પટવારીજી મને કહે, 'સ્વામીજી ! હું સરકારી નોકર છું. કોણ જાણે ક્યારે બદલી થઈ જાય. કૃપા કરી આપ આ ઘાટ-સ્થાન સંભાળી લો. નિર્વાહની ચિંતા નથી. સ્થાનની જમીન છે અને આદિવાસીઓ પણ સેવા કરે એવા છે.' મેં કહ્યું, 'ભાઈ, જવા દો. બાગદી સંગમની સંપત્તિને વંદન કરી હું માંડ આવ્યો છું. તો અહીં પાછો ક્યાં ફસાઉં ?' પટવારીજીએ જ્યારે જોયું કે સ્વામીજી એમની વાત સ્વીકારે એમ નથી એટલે અવધૂત પરિવારના સભ્યો પાસે જઈને સ્વામીજીને (મને) સમજાવવા પ્રયત્ન કર્યો, પણ હું ન માન્યો ત્યારે પટવારીજી લાચાર થયા અને હાથવણાટનો એક ધાબળો લઈ આવી, સજળ નેત્રે મને ઓઢાડી ગયા ! અમરકંટકની કાતિલ ઠંડીથી બચવા મારી પાસે એક પણ ગરમ વસ્ત્ર ન હતું. તે મા નર્મદાએ આ રીતે અપાવ્યું. જુઓ ! માને કેટલી ચિંતા છે !

અવધૂત મંડળના આગેવાને મને કહ્યું કે 'સ્વામીજી અમે આપને છોડીને જઈ શકતા નથી અને ઉતાવળ હોવાથી રોકાવું પાલવે તેમ નથી. એટલે કૃપા કરીને અમરકંટક સુધી સત્સંગનો લાભ આપો તો મહેરબાની. મેં મારા સાથીઓ સામું જોયું. તેમનો વિરોધ ન હોઈ, અવધૂત ચિંતન શ્રીગુરુદેવ દત્ત' અને 'નર્મદે હર'ના ગગનભેદી નારાઓના પહાડી પડઘા પાડતાં અમારી ચૌદ યાત્રીની ફોજે આગળ કૂચ કરી.

આદિવાસી વિસ્તારની નાની વસ્તીમાં ૧૪ યાત્રીને એકસામટી ભિક્ષા ન મળે તેથી જે મળે તે માગતાં માગતાં ભેગું કરતાં, જ્યારે પૂરતું થાય ત્યારે ઓથ ગોતી ભોજન બનાવતાં એમાં આવી **માઘ શુક્લ સપ્તમી. એને શ્રીનર્મદાજીનો જન્મદિવસ માની પૂજા કરી,** નૈવેદ્યમાં ગળપણ તો જોઈએ જ. સૌ જાણે છે કે દેવનું નામ અને પૂજારીનું કામ. જેમ તેમ કરી બધી સામગ્રી ભેગી કરી, ચૂરમાનું નૈવેદ્ય માને ધરાવી પ્રસાદ લીધો.

છેલ્લી પરીક્ષારૂપે આવ્યું દમગઢ. જેવું નામ તેવો સીધો કઠિન ચડાવ. દમ ચડી જાય. ઘનઘોર જંગલ. ચઢાણ પૂરું થતાં થોડા ઉપર આવીએ એટલે તરત દેખાય કપિલધારા.

આ સ્થળે માતાજીની ધારા માંડ પાંચેક ફૂટથી થોડીક વધારે પહોળી હશે. લગભગ ૧૦૦ ફૂટ ઉપરથી બે ધારામાં પ્રવાહ ધોધરૂપે નીચે પડે છે. પ્રવાહ અનેક તેજ બિંદુઓ બનીને વીખરાય છે. જાણે કે સ્વર્ગથી કોઈ સોનામહોરો વરસાવતું હોય. એ અદ્‌ભુત દશ્યનું વર્ણન કરવાની શક્તિ

મારી કલમમાં નથી.

શિવજી મહારાજે જેમ ગંગાજીનો પ્રવાહ જટામાં ઝીલ્યો, તેમ અમે તે દિવ્ય ધારા નીચે ઊભા રહી અમૃતાભિષેકનો આનંદ લૂંટ્યો. એ વખતના થનગનાટને હૈયાના આનંદનું તો શું કહેવું ? યાત્રાનો થાક તો ક્યારનોય પ્રવાહમાં પ્રવાહિત થઈ ગયો હતો. બસ હવે નર્મદાજીનું ઉગમસ્થાન અહીંથી માત્ર છ કિ.મિ. જ છે. ત્યાં સુધી કાચી સડક છે.

આ ક્ષેત્રમાં બોક્સાઈટ નીકળવાથી દિવ્ય શાંતિમાં આધુનિક પ્રવૃત્તિનો વિક્ષેપ ભળ્યો છે. એક પહાડથી બીજા પહાડ પર માલ લઈ જવા માટે લટકતી ટ્રૉલી ચાલે છે. કુદરતી જંગલ કાપી પરદેશી વૃક્ષોનો પ્રાયોગિક ઉછેર થઈ રહ્યો છે. વચ્ચે ચક્રતીર્થ આવે, રાવણને મારવાથી ભગવાન રામને બ્રહ્મહત્યા લાગી તે અહીં છોડાવી હતી એવી કથા છે.

હવે માતાજીનો પ્રવાહ ખેતરમાં વહેતા ધોરિયા જેવો જ દેખાય છે. આ આવી ગયું અમારી યાત્રાનું લક્ષબિંદુ અમરકંટક. આનંદ દેનાર ધારાનું મૂળ રેવાકુંડ. અમને આ ક્ષેત્રમાં પગ મૂકતાં કેવો સંતોષ અને આનંદ થયો હશે એની તો કલ્પના જ કરવી રહી.

અમરનાથ મહાદેવના મંદિર સામે રેવાકુંડ છે. સ્કંદ પુરાણમાં રેવાખંડમાં આ સ્થળ નર્મદાજીનું ઉગમ માનવામાં આવ્યું છે. કુંડમાં રેવાનાયક નામના ભીલની મૂર્તિ છે. કથા એવી છે કે... (ક્રમશઃ)

'શ્રીનર્મદામૈયાની પરિક્રમા', બી.આ., પૃ. ૧૪૪ ❑

**(અનુસંધાન પેજ નં. ૭ નું ચાલુ)**

શક્યતા પણ નહિવત્ હતી, પણ એક એવી ઘટના બની કે જેને આપણે તો સામાન્ય રીતે ચમત્કાર તરીકે જ ગણીએ. બન્યું એવું કે મારો એક સહાધ્યાયી મિત્ર એસ.એસ.સી.ની પરીક્ષા પાસ કરીને સને ૧૯૬૦માં મારાથી છૂટો પડી ગયો હતો. તે ઉચ્ચ અભ્યાસ માટે સને ૧૯૬૭માં અમેરિકા જનાર હતો. પરંતુ તેનાં માતાપિતા હજી રંગૂનમાં જ રહેતાં હોવાથી તેઓને મળીને એટલે કે વાયા રંગૂન એ અમેરિકા જવાનો હતો. તે મિત્ર ધનેશ કાપડિયા તેમના કેટલાંક સગાંસ્નેહીઓને રૂબરૂ મળવા સુરત આવ્યો હતો.

આ વિગતની મને જાણ થતાં મેં મારા એ મિત્રને મારા ગુરુજીનું સરનામું આપ્યું અને જણાવ્યું કે ગુરુજી જે ઔષધિ આપે તે તું તારી સાથે અમેરિકા લઈ જજે અને ત્યાંથી તું મને એ ઔષધિ પાર્સલ દ્વારા મોકલજે. તેણે આ કાર્ય માટે સંમતિ આપી એટલે મારા ગુરુજીને બધી વિગતો પત્રથી જણાવી અને રંગૂનમાં મારા મિત્ર ધનેશ કાપડિયાનું સરનામું પણ જણાવ્યું. તા. ૨ સપ્ટેમ્બર, ૧૯૬૭ના રોજ મારો પત્ર ગુરુજીને પહોંચ્યો એટલે બીજે જ દિવસે ગુરુજીએ જાતે જઈને એ ઔષધિ ધનેશના ત્યાં પહોંચાડી દીધી. આ કાર્યવાહી અંગેનો ગુરુજીનો તા. ૪ સપ્ટેમ્બર, ૧૯૬૭નો લખેલો પત્ર આજે પણ મારી પાસે જળવાઈ રહ્યો છે.

મિત્ર ધનેશ કાપડિયા તરફથી એ ઔષધિ મને મળવામાં વિલંબ થતાં મેં તેઓને જવાબી તાર કર્યો હતો. તે બાદ એ પાર્સલ ધનેશે મને By Air મોકલી આપ્યું હતુંઅને વિલંબ બદલ કારણો જણાવી ક્ષમા માગી હતી. (ક્રમશઃ) ❑

## (૧૧-અ) પૂજ્ય શ્રીમોટાની એક સ્મરણરેખા

**જયદેવ ઓઝા**

મારાં માતુશ્રી કુસુમબહેન નિયમિત રીતે હરિઃૐ આશ્રમ, નડિયાદમાં મૌન અનુષ્ઠાનમાં બેસતાં હતાં. તેમનો દેહાંત ૧૯૮૬માં થયો હતો. મારા પિતાશ્રી પણ મૌનમાં બેઠા હતા, પરંતુ તેઓને છીંકણીનું વ્યસન હોવાથી સપ્તાહનું અનુષ્ઠાન પૂર્ણ ન કરી શકતાં ચાર દિવસ બાદ બહાર નીકળી ગયા હતા.

મારી નાની ઉંમરમાં હું ખૂબ તોફાની હતો. એક વખત પૂજ્ય શ્રીમોટાની પધરામણી અમારા શહેર રાજકોટમાં થઈ હતી. ત્યારે મારાં માતુશ્રી પૂજ્ય શ્રીમોટાનાં દર્શન કરવા ગયાં હતાં અને મને પણ તેમણે સાથે લીધો હતો. પગે લાગ્યા પછી મારાં માતુશ્રીએ પૂજ્ય શ્રીમોટાને મારી વાત ફરિયાદના સ્વરૂપે કરી કે મોટા, આ મારો છોકરો બહુ જ તોફાન કરે છે. પૂજ્ય શ્રીમોટાએ જવાબમાં સૂચન કર્યું કે તેને સ્વીમિંગપુલમાં તરવા મોકલો. ત્યારે મારાં માતુશ્રીએ કહ્યું કે મોટા ! મારે આ એક જ છોકરો છે. એટલે તરવા મોકલવામાં ચિંતા તો થાયને ? પૂજ્ય શ્રીમોટાએ સમજણ આપી કે એને તમે કોઠીમાં પૂરી રાખશો તોપણ જે થવાનું છે તે થશે જ.

આટલા સંવાદ પછી મેં મારી ડાયરી પૂજ્ય શ્રીમોટા સામે ધરતાં કહ્યું કે મને આમાં ઓટોગ્રાફ આપોને ! પૂજ્ય શ્રીમોટાએ મને કહ્યું કે ઓટોગ્રાફના રૂ. ૧૦૦/- થશે. એ આપું તો ઓટોગ્રાફ આપું. પરંતુ હું કંઈ કમાતો નહોતો એટલે થોડીક વાર મનમાં મૂંઝાયો કે શું કરવું ? પરંતુ કૃપાળુ પૂ. મોટાએ મારા ચહેરા સામે જોઈને તરત જ ઓટોગ્રાફ આપી લખી આપ્યું કે :

***'જે બાળક પોતાનાં માતાપિતાને પૂરો સંતોષ આપે છે, તેના પર શ્રીપ્રભુ સદાય પ્રસન્ન રહે છે.' મોટા.***

ઓટોગ્રાફ આપીને પૂ.મોટાએ મને ધન્ય ધન્ય કરી દીધો. ❑

## (૧૧-બ) મુક્તકો

**ડૉ. સુધીર સી મોદી**

(૧)

એકવાર કરી પ્રાર્થના પ્રભુને
સમજવો તમારો આકાર મુજને
પ્રભુએ કહ્યું -
તે જ મારો આકાર
તે જ મારું સ્વરૂપ
સમજી શકે જો આકાશને
ના રહે સમજવાનું મને

(૨)

પ્યારભરી આ દુનિયામાં
ચાલો, એકબીજાને મળીએ,
ધરી હૈયાની હૂંફ હરખે
મોંઘેરું જીવન માણીએ, જીવીએ.

(૩)

મનમાં વિચાર તારો રહે
હૃદયે સ્વરૂપ તારું રહે
હોઠ સદાયે હરિને જપે
પ્રાર્થું શ્રીનાથ સદા તને.

(૪)

છોડો માનવસેવાની વાત તમે
નિભાવો ફરજ દિલથી તમે.

(૫)

ફૂલમાં નીરખતો હાસ્ય પ્રભુનું,
કુદરતના બાગમાં રોજે ખીલતું.
મનોજગતે અનેરા રંગે ભરતું
હૃદયકમળ આનંદ રોજ આપતું.

❑

# (૧૨) ગુરુસ્મરણ સર્વ બોજો હળવો કરે

શ્રીમોટા

આપણને ઘણું કામ કરવાનું આવે ને શરીરને તેવી ટેવ ન હોય, છતાં તે કરવાનું આવે તો તેથી શરીરને થાક લાગે, તેમ છતાં કામ કરવાનું દિલ કરીને જેમ જેમ કામ કરતા જઈએ છીએ, તેમ તેમ કામ વધારે ને વધારે મળે છે. **પણ કામ મળ્યા કરે એ જ દશા ઉત્તમ.** મહાત્મા ગાંધીજી કેટકેટલું કામ કરતા હતા ! કૃપા કરીને ભાંગી ન પડવું. મરદ બનીને જે તે કરવું, પણ કામ મળે છે, તેમાં જો મનને સ્મરણભાવનામાં પરોવી રાખવાનું જો બની શક્યું તો ભગવાન તેમાં મદદ કરતો હોય છે. 'ધી સૉંગ ઓફ બનડિટ' નામની ફિલ્મ મેં જોયેલી. તે બાઈ ફ્રાંસમાં સંત થઈ ગઈ. એને કેટકેટલું કામ મળતું ! છતાં થાકતી જ ન હતી. એને જે પગમાં દર્દ હતું, તે તો એવા પ્રકારનું હતું કે જેની વેદના સહન જ ન થઈ શકે. એમ જ્યારે ડૉક્ટરે એને તપાસી ત્યારે તે મઠનાં મુખ્ય જે બાઈ હતાં, તેમને તે હકીકત કહી. તે બાઈ સંતકોટિમાં આવી ગયાં બાદ તેને સ્ત્રીઓના મઠમાં મૂકવામાં આવેલી. ત્યાં જે એની ક્રૂર મશ્કરી કરવામાં આવતી, એની જે અવહેલના ને તિરસ્કાર થતો, જે રીતે તે હડધૂત થતી હતી, તેમ છતાં તે બધો પ્રભુનો પ્રસાદ છે, એમ તે હૃદયમાં સ્વીકારતી. તેનું એક અંગ્રેજી પુસ્તક પણ છે, ને તે સાચી હકીકત છે. આપણે તો એવાં એવાં દૃષ્ટાંતોને આપણી નજર સમક્ષ રાખવાનાં હોય. કામથી ડરે તે સાધના શું કરી શકવાનો ? થોડાથી રિઝાવાનું બનતું નથી. એ તો જેમ જેમ જરાક ઠીક થતું જવાય, તેમ તેમ આગળની માત્રા પણ વધતી જ જવાની. **અહીં તો જ્યાંત્યાંથી મરવાપણું છે. જે મર્દાનગીથી મરે છે તે જ જીવે છે.** કામ તો ઢગલો કરતાં હોઈએ પણ તેમાં જો હૃદયનો ઉમળકો ને કર્મનો હેતુ, એ બધું કર્મ કરતાં પળેપળે જો હૃદયમાં પ્રેમભક્તિ-જ્ઞાનપૂર્વક જીવતાંજાગતાં ન રહી શક્યાં; ને જે તે બધું તે તે પળે એને ચરણકમળે સમર્પણ કર્યાં કરવાની જાગૃતિ ન રહી શકી, તો તો ગમે તેવો જીવ કામના ભારથી લદાઈને તૂટી જ પડે. માટે કામને તો મનને સ્મરણભાવનામાં પરોવવામાં જ વાપર્યાં કરવાનું છે. માટે મારી તને (સદ્‌ગત પુષ્પાબહેન દલાલ-સં.) પ્રાર્થના છે કે આપણા જીવનમાં પ્રગટતા વિપરીત સંજોગોમાં પણ હૃદયને સદ્‌ગુરુના હૃદય સાથે પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક મેળવીને જો પ્રાર્થના કરતી રહેશે તો તો તને હૂંફ, સહાનુભૂતિ, પ્રેરણા, બળ મળતું પ્રભુકૃપાથી અનુભવી શકાશે, પણ તે બધું મારાથી થાય છે, તેવું કહેવાનો હેતુ તો મુદ્દલે નથી. જીવમાં તો કશું જ બળ્યું નથી. પણ જે આ જીવ પરત્વેની ભાવનાથી હૃદયમાં હૃદયથી પ્રેરાય છે, તેને તેવી તેવી ભાવનાનું મહત્ત્વ ઘણું ઘણું છે, વળી, જે જીવને પ્રભુકૃપાથી સાધના કરવી છે, તેવા જીવને તેનું જ્ઞાનભાન જો ન રહી શકતું હોય તો, તેવા જીવથી કદી સાધના થઈ શકવાની નથી, જો સાધના કરવી જ હોય તો તેવા જીવે તેવું જ્ઞાનભાન પ્રગટાવ્યા વિના પણ ચાલવાનું નથી.

મને મળેલાં સ્વજનોને જીવનવિકાસ કાજે પ્રભુકૃપાથી કામ તો ઢગલાબંધ મળે અને બસ મળ્યા જ કરે એવું હું તો સદાય વાંછતો રહેલો છું. ભાઈ આદિ તે હકીકત જાણે છે, તે પૂછી જોજે. (નંદુભાઈ-સં)કામમાંથી માથું ઊંચું કરવા વારો પણ ન આવે, અને એક કામ પૂરું થતાં બીજું કામ સવાર થઈને ઊભું જ હોય, એવું બન્યા કરે તો તે મને વધારે ગમે છે, નવરું મન નખ્ખોદ વાળે. એના કરતાં તો કામ કરતાં કરતાં શરીર તૂટે તેનો વાંધો ન હોય. કર્મ તો પ્રત્યક્ષ યજ્ઞનારાયણ છે. કર્મમાં જો પ્રભુપ્રીત્યર્થની ભાવના રહે તો કર્મ કરતાં કરતાં કદી થાક ન લાગે એવો અનુભવ છે.

'જીવનસોપાન', બી.આ., પૃ. ૨૮૧ ❑

# (૧૩) કામનિવારક-હરિનામ

શ્રીરામકૃષ્ણ પરમહંસ

એક યુવકે ખેદપૂર્ણ ચિત્તે શ્રીરામકૃષ્ણ પરમહંસને પ્રશ્ન કર્યો, 'મહારાજ, આ કામવાસના શી રીતે દૂર થઈ જાય ? આટઆટલા પ્રયત્નો કરું છું તોયે વચમાં વચમાં ઇંદ્રિયોની ચંચળતા ને કુવિચારો મનમાં પેદા થતાં બહુ જ અશાંતિ ઊપજે છે.'

શ્રીરામકૃષ્ણ : 'અરે ભાઈ, ભગવદ્દર્શન થાય નહિ ત્યાં સુધી કામ પૂરેપૂરો જાય નહિ. તે (ભગવદ્દર્શન) થયા પછીયે જેટલા દિવસ શરીર રહે તેટલા દિવસ સુધી જરાતરા રહે પણ માથું ઊંચકી શકે નહિ. તું શું એમ માને છે કે મારોયે કામ સાવ ગયો છે ? એકવાર મને વિચાર આવ્યો કે 'મેં કામને જીતી લીધો છે.' ત્યાર પછી પંચવટીમાં બેઠેલો અને એવો તો કામનો વેગ આવ્યો કે લાગ્યું કે જાણે તેને ખાળી શકીશ નહિ, એટલે પછી ધૂળમાં મોઢું રગડી રગડીને રડ્યો ને માને કહ્યું, 'મા, ભારે મોટી ભૂલ મેં કરી છે, હવે પછી ક્યારેય એવો વિચાર નહિ કરું કે મેં કામનો જય કર્યો છે.' ત્યારે તે ગયો.

તું જાણે-તમને લોકોને હમણાં જુવાનીનું પૂર આવ્યું છે, એટલે રોકી શકતા નથી. જ્યારે પૂર આવે ત્યારે એ કંઈ બંધને ગણકારે કે ? બંધથીયે ઊંચા ચઢીને એને તોડીફોડીને પૂરનાં પાણી ધસમસી જાય. લોકોનાં ડાંગરનાં ખળાં ઉપર માથોડાં પાણી ભરાઈ જાય ! એટલે જ કહે છે ને કે કળિયુગમાં મનનું પાપ તે પાપ નહિ. અને મનમાં એકાદ વાર વિચાર આવી ચડ્યો તો 'એ કેમ આવ્યો ?' એમ બેઠાં બેઠાં એનો જ વિચાર શા માટે કર્યા કરવો ? એ બધા તો શરીરના ધર્મને લીધે આવે ને જાય-એને શૌચ-પેશાબની હાજત જેવા સમજવા. શૌચ-પેશાબની હાજત થઈ ગઈ એમ કહીને લોકો શું માથે હાથ દઈને ચિંતા કરવા બેસે છે ? એ જ પ્રમાણે આ બધા વિચારોને સાવ સામાન્ય, તુચ્છ, નકામા ગણીને મનમાં ફરી લાવવા નહિ અને ભગવાન પાસે ખૂબ પ્રાર્થના કરવી, હરિનામ લેવું અને ભગવદ્કથામાં ચિંતવન કરવું. એ બધા કુવિચારો આવ્યા કે ગયા એ તરફ નજર જ નાખવી નહિ. એમ કરવાથી એ બધા ધીરે ધીરે કાબૂમાં આવશે.

શ્રીરામકૃષ્ણ પરમહંસના એક અંતરંગ સંન્યાસી શિષ્ય સ્વામી યોગાનંદની આ વાત છે. તેમનું નામ યોગેન હતું. પંદરેક વર્ષની આસપાસની એમની ઉંમર હશે. એ સમયે નારાયણ નામે એક હઠયોગી દક્ષિણેશ્વરમાં પંચવટી નીચે કુટિરમાં રહીને 'નેતિ-ધોતી' વગેરે ક્રિયાઓ દેખાડી, લોકોમાં કુતૂહલ ઉત્પન્ન કરીને કોઈ કોઈને પોતાની તરફ આકર્ષાતા હતા. યોગેન પણ એમાંના એક હતા.

(બે આંગળ પહોળું અને આશરે દશપંદર હાથ લાંબું એક લૂગડું ભીંજવીને આસ્તે આસ્તે ગળામાં નાખવું અને પછી તેને બહાર ખેંચી કાઢવું તેનું નામ નેતિ અને ૨-૩ શેર પાણી પીને પાછું વમન કરી નાખવું તેનું નામ ધોતિ. ગુદાદ્વાર વાટે જલ ખેંચીને બહાર કાઢવાને પણ ધોતી કહે છે. હઠયોગીઓ આ રીતે શરીરની અંદરનો કફ વગેરે તમામ બગાડ બહાર કાઢી નાખે છે. તેઓ

કહે છે કે તેમ કરવાથી શરીરમાં રોગ આવતો નથી અને તે દઢ બને છે.)

આ બધી પ્રક્રિયાઓ નિહાળીને યોગેનને એમ લાગેલું કે આ બધું ના કરીએ તો કામવાસના જાય નહિ. અને ભગવાનનાં દર્શન પણ થાય નહિ. તેથી શ્રીરામકૃષ્ણને આ અંગે પ્રશ્ન પૂછેલો. યોગેને આશા રાખેલી કે શ્રીરામકૃષ્ણ એકાદ આસન-બાસન કરવાનું બતાવશે પછી હરડે કે એવું કંઈ લેવાનું કહેશે. અથવા તો પ્રાણાયામની એકાદ ક્રિયા શિખવાડી દેશે, પરંતુ યોગેનના પ્રશ્નના જવાબમાં **શ્રીરામકૃષ્ણે કહ્યું, 'ખૂબ હરિનામ કરતો રહે, એનાથી જ કામ જતો રહેશે.'** આ વાત તો યોગેનના ગળે કેમેય ઊતરી નહિ. મનમાં ને મનમાં વિચાર્યું કે 'એમને પોતાને કોઈ ક્રિયા વગેરેની જાણકારી નથી એટલે જે આવ્યું તે કહી દીધું. હરિનામ લેવાથી તે વળી કામ જતો હશે ? એમ હોય તો આટલા બધા લોકો તે કરે છે તો તે બધાંનો (કામ) કેમ દૂર થતો નથી ?'

એ પછી એક દિવસ કાલી મંદિરના બગીચામાં આવીને પહેલાં ઠાકુર (શ્રીરામકૃષ્ણ) પાસે ન જતાં પંચવટીમાં પેલા હઠયોગીની પાસે ઊભો ઊભો એની વાતો મુગ્ધ બનીને સાંભળું છું. એટલામાં તો દીઠું કે ઠાકુર પોતે ત્યાં આવીને ઊભા છે. મને દેખતાંની સાથે જ એમણે મને બોલાવ્યો અને મારો હાથ પકડી પોતાના ઓરડા તરફ લઈ જતાં જતાં બોલવા લાગ્યા, 'તું કેમ ત્યાં ગયો હતો ? એ ઠેકાણે જઈશ નહિ. એ બધું (હઠયોગની ક્રિયાઓ) શીખવાથી અને કરવાથી શરીરની ઉપર જ મન પડ્યું રહેશે, ભગવાન તરફ જશે નહિ.'

પણ ઠાકુરની એવી વાતો સાંભળીને મને મનમાં થયું કે 'રખેને પાછો હું એમની પાસે આવવાનું બંધ કરી દઉં. એટલે આવું બધું કહે છે.' પોતાની જાતને હું હંમેશાં બહુ બુદ્ધિશાળી ગણતો હતો. એટલે એ બુદ્ધિ દોડાવીને આ પ્રમાણે માની લીધું. બીજું શું ? હું એમની પાસે આવું કે ના આવું એમાં એમને જરાયે લાભ કે નુકસાન નથી. એ વાત ત્યારે મારા મનમાં પણ ના આવી. એવું પાજી અને શંકાશીલ મારું મન હતું. એ તો ઠાકુરની કૃપાનો કોઈ પાર નહિ તેથી જ આટલા બધા ખોટા વિચારો મનમાં આવ્યા છતાંયે શરણ પામ્યો છું.

પછી વિચાર્યું-એમણે જે કહ્યું છે તે કરીને જોવા તો દે કે શું થાય છે ? એમ વિચારીને એકાગ્ર ચિત્તે હરિનામ લેવા લાગ્યો અને સાચેસાચ થોડા જ દિવસોમાં ઠાકુરે જે પ્રમાણે કહેલું તે પ્રમાણે પ્રત્યક્ષ ફળ પામવા લાગ્યો.

'શ્રીરામકૃષ્ણ લીલાપ્રસંગ'
ભાગ-૩, ત્રીજી આ., પૃ. ૨૨ ❑

**સ્મરણનો પ્રતાપ**

(ગઝલ)

સ્મરણ શબ્દનાં મોજાં કરે છે જ્ઞાનતંતુને,
-પૂરેપૂરા જ શા મજબૂત ટટારી પ્રેરતાં વળી તે !
સ્મરણ મોજાંની ધ્રુજારી કરે છે કે કામ કેવુંયે
-ખરેખર ભવ્ય અદ્ભુત તે ન જાણે કોઈ પણ તેને

સ્મરણ શું ઊર ગર્જંતું બુલંદે નાદથી જ્યારે
સ્મરણ લલકારતાં કેવી હૃદય એકાગ્રતા જામે !
વિચાર, વૃત્તિ, સંકલ્પ, વિકલ્પ ના થતાં મનમાં.
સ્મરણના ભાવનો એવો અનેરો છે પ્રતાપ જ ત્યાં

'જીવન સ્પંદન' પ્ર.આ., પૃ.૧૧૪, ૧૭૬ શ્રીમોટા ❑

# (૧૪) સર્વધર્મ સરખા ગણવા

પંડિત સુંદરલાલ

ધર્મ શબ્દ સંસ્કૃત ધૃ ઉપરથી આવ્યો છે. ધારણ કરવું-સાંધી દેવું એવો એનો અર્થ થાય છે. સર્વલોક જેનાથી એકમેક સાથે સંકળાયેલા રહે-જેનાથી સર્વનું કલ્યાણ થાય તે સાચો ધર્મ. સૌનું ભલું ચાહે, સૌનાં કલ્યાણનાં કામોમાં જે મનસા, વાચા, કાયાથી મંડ્યો રહે તે ધર્મને જાણવાવાળો- **મનુષ્યોને જુદાં પડતાં રોકે તે ધર્મ.**

'મજહબ'નો અર્થ છે માર્ગ. સૌની ભલાઈનો માર્ગ તે મજહબ. ધીરજથી સહન કરવું અને બીજાઓનું કલ્યાણ કરવું તેને મહંમદ સાહેબે ધર્મ કહ્યો.

જાપાની-ચીની ભાષાઓમાં તો અથવા દોનો અર્થ પણ મજહબ જેવો જ છે.

અંગ્રેજી શબ્દ 'રીલીજિયન' જેના ઉપરથી નીકળ્યો છે તેનો અર્થ પણ 'બાંધવું' એવો થાય છે. જે વસ્તુ એકબીજાને બાંધી-સાંધી-સાંકળી રાખે તે રીલીજિયન-ધર્મ મનુષ્યમાત્રને આપસની ફૂટથી, લડાઈઝઘડાથી, ટંટાઓથી બચાવે-પરસ્પર મેળ રખાવે-કુટુંબીજનોની જેમ પ્રેમના દોરે બધાંને બાંધી રાખે તે ધર્મ.

આજે આખી દુનિયામાં નાનામોટા અનેક સંપ્રદાય, મજહબ, ધર્મ, પંથ, મત પ્રચલિત છે હિંદુ, યહૂદી, જરથોસ્તી (પારસી), બૌદ્ધ, ઈસાઈ અને ઈસ્લામ એ છ ધર્મો ખાસ ગણતરીમાં છે. આ દરેકના મોટા પવિત્ર ગ્રંથો છે. હિંદુઓનો ઋગ્વેદ, યહૂદીઓની તૌરાત, પારસીઓનો ઝન્દઅવસ્તા, બૌદ્ધોની ત્રિપિટક, ઈસાઈઓનું બાઈબલ અને મુસલમાનોનું કુરાન.

આ છ પવિત્ર ગ્રંથોને સાથે રાખીને જો શ્રદ્ધાપૂર્વક વાંચવામાં આવે અને તુલનાત્મક અભ્યાસ કરાય તો એમાં દર્શાવાયેલ મૂળભૂત વાતો એકસરખી મળી આવશે. એટલે સુધી કે ક્યાંક ક્યાંક તો એમાંના કથાવાર્તાના પ્રસંગો અને ભાગો મળતા આવે છે. આમ, સર્વધર્મનું મૂળ એક જ છે. એક મહાવૃક્ષની વિસ્તરેલ શાખાઓ છે. દરેક શાખા પોતપોતાનાં સ્થળકાળમાં સત્યની શોધ કરનાર કરોડો આત્માઓને શાંતિ, શીતળતા અને આશરો આપતી રહી છે. **આ છ ગ્રંથોમાં ઋગ્વેદ સૌથી જૂનો અને કુરાન છેવટનો ગ્રંથ છે.** પરમાત્માની લીલા અને સ્તુતિની કુરાનના અધ્યાયની વિગતો જોતાં ઋગ્વેદની કેટલીક ઋચાઓનું સ્મરણ થઈ આવે છે.

કુરાનમાં ઈશ્વરનું સૌથી મોટું નામ 'અલ્લાહ' છે. ઋગ્વેદમાં ઈશ્વરનાં નામોમાંનું એક નામ 'ઈલા' છે. સંસ્કૃત 'ઈલ' ધાતુ ઉપરથી 'એ' નીકળે છે. એનો અર્થ ભજવું કે પૂજવું એવો થાય છે. ઓછામાં ઓછા છ હજાર વર્ષ પહેલાં સુમેરી સંસ્કૃતિ ઈશ્વરને 'ઈલ' નામે ઓળખતી. ઈસાને જ્યારે શૂળી પર ચડાવવામાં આવ્યા ત્યારે ઈલોહી ! ઈલોહી ! (હે ! મારા ઈશ્વર, હે ! મારા ઈશ્વર) એવા શબ્દો નીકળ્યાનું કહેવાય છે. કુરાનનો 'રબ્બ', ઋગ્વેદનો 'રે' એટલે આખી દુનિયાને પાળવાવાળો શબ્દ સામે સામ્ય ધરાવે છે. 'અમને સન્માર્ગે લઈ જા.' એવી કુરાનની સૌથી પહેલી પ્રાર્થના ઋગ્વેદની ઋચા સાથે મળતી આવે છે.

વેદોમાંના ‘એકમેવ-અદ્વિતીયમ’ સાથે ઈસ્લામમાંના ‘તે એક છે અને બીજો કોઈ ભાગીદાર નથી’ની સાથે સમાન અર્થ ધરાવે છે. આવી જ સ્થિતિ બીજા સર્વ ધર્મગ્રંથોની છે.

મહાપુરુષોએ અને પયગંબરોએ સ્પષ્ટતાથી, મક્કમતાથી દરેક ધર્મની સચ્ચાઈની અને ઊંચાઈની જાહેરાત કરી છે પણ એમને અનુસરવાવાળાના કાન સુધી તે પહોંચી નથી.

ગીતા કહે છે :

જે માણસ પોતાને ફાવતે રસ્તે ચાલીને ઈશ્વરને મેળવવાની કોશિશ કરે છે તેને ઈશ્વર એ જ માર્ગે મળે છે... ગોળ ચક્ર ઉપર ચારેબાજુએ ઊભેલા માણસ જુદે જુદે ઠેકાણેથી નીકળી કેંદ્ર સુધી પહોંચે છે. (તે રીતે)

પારસી ધર્મના પ્રસ્થાપક મહાત્મા જરથુષ્ટ્રે કહ્યું છે કે દુનિયાના આજ પહેલાંના ધર્મોને માનીએ છીએ. એ સર્વ ભલાઈ તરફ લઈ જનારા હતા.

બુદ્ધદેવ : કેટલાયે બુદ્ધો મારા પહેલાં આવ્યા ને કેટલાયે મારા પછી આવશે. હું પુરાણા પ્રકાશને જ પ્રસારી રહ્યો છું.

યહૂદી ધર્મના ઈંજિલમાં લખ્યું છે :

શું કોઈ એવી વાત છે કે જેને વિશે એમ કહી શકાય કે એ નવી છે ? આ સર્વ અમારાથી પહેલાંના સમયથી ચાલતું આવ્યું છે. દુનિયામાં કોઈ ચીજ નવી નથી. (તૌરાત કિતાબ વાએજ)

પયગંબર ઈસાએ કહ્યું છે :

હું જૂના ધર્મોનો તથા પયગંબરોના ઉપદેશોનો નાશ કરવા નથી આવ્યો, પરંતુ તેમની પૂર્તિ કરવા સારુ આવ્યો છું.

કુરાનમાં લખ્યું છે :

સાચેસાચ અમે (અલ્લાહે) દરેક દેશમાં પયગંબરો જન્માવ્યા છે. જેમણે માનવ સમાજને ઉપદેશ કર્યો કે પ્રભુનું ધ્યાન ધરો તથા બૂરાઈથી બચતા રહો (નહલ, ૩૬)

‘પ્રભુએ સૌ માટે જુદી જુદી વિધિઓ તથા સાધનો બનાવ્યાં છે. જો ઈશ્વર ધારત તો સૌને માટે એકસરખા રીતરિવાજો, રસ્તાઓ બનાવત, પરંતુ પ્રભુએ જેને જે સાધન ચીંધ્યું છે તે દ્વારા જ તે પ્રભુને પરખે. આ માટે સંપ્રદાયોના ઝઘડામાં ન પડો અને એકમેકની ભલાઈનાં કામની સ્પર્ધા કરો. સર્વને પ્રભુ પાસે પાછું જવું છે તે વેળા જે જે વાતો અંગે તમારામાં મતભેદ છે તે તે પ્રભુ તમને સમજાવી દેશે.’ (માયદા, ૪૮)

‘અને તમને (મહંમદ સાહેબને) કોઈ એવી વાત નથી કહી જે પહેલાંના પયગંબરોને ન કહી હોય.’ (હા-મીમ, ૪૩)

આ ધર્મગ્રંથોમાં આવી અગણિત વાતો ભરેલી પડી છે. સત્ય વાત એ છે કે

फक्त तफावत है नाम ही का,  
दरअसल सब एक ही है यारो !  
जो आवे साफीकी मोजमें है,  
उसीका जलवा हुवाबमें है ।

હે દોસ્તો ! માત્ર નામનો જ ભેદ છે. મૂળમાં સર્વ એક જ છે. જે સ્વચ્છ પાણીની લહેરોમાં છે તેનો જ ઝગમગાટ પરપોટામાં દેખાય છે.

‘ગીતા અને કુરાન’

અનુ. ગો.દૌ. ભટ્ટ-પ્રાસ્તાવિકમાંથી સંકલન

(નવજીવન પ્રકાશન, અમદાવાદના સૌજન્યથી)

❑

# (૧૫) સુખી લગ્નજીવન માટે મતભેદ ટાળો

દાદા ભગવાન

જમતી વખતે ટેબલ પર મતભેદ થાય છે ? એ તો થાયને ! કેમ પરણતી વખતે આવો કરાર કરેલો ? ના, તે વખતે તો કરાર કરેલો કે સમય વર્તે સાવધાન. ઘરમાં વાઈફ જોડે 'તમારું ને અમારું' એવી વાણી ના હોવી જોઈએ. વાણી વિભક્ત ના હોવી જોઈએ. વાણી અવિભક્ત હોવી જોઈએ. આપણે અવિભક્ત કુટુંબનાને ?

અમારે હીરાબા જોડે ક્યારેય મતભેદ થયો નથી. ક્યારેય વાણીમાં 'મારી-તારી' થયું નથી. પણ એક ફેરો અમારે મતભેદ પડી ગયેલો. એમનાં ભાઈને ત્યાં પહેલી દીકરીનાં લગ્ન હતાં. તે તેમણે મને પૂછ્યું કે 'એમને શું આપવું છે ? ત્યારે મેં તેમને કહ્યું, 'તમને ઠીક લાગે તે, પણ ઘરમાં ચાંદીનાં આ તૈયાર વાસણો પડેલાં છે તે આપજોને ? નવા બનાવશો નહિ.' ત્યારે એમણે કહ્યું કે 'તમારા મોસાળમાં તો મામાની દીકરી પરણે તો મોટામોટા ટાટ બનાવીને આપો છો !' એ 'મારા ને તમારા' શબ્દો બોલ્યા ત્યારથી હું સમજી ગયો કે આજ આબરૂ ગઈ આપણી. આપણે એકના એક ત્યાં મારા તમારા હોય ? હું તરત સમજી ગયો ને તરત ફરી ગયો. મેં તેમને કહ્યું કે 'હું એવું નથી કહેવા માગતો. તમે આ ચાંદીના વાસણ આપજો ને ઉપરથી પાંચસો એક રૂપિયા આપજો, એમને કામ લાગશે.'

'હં, આટલા બધા રૂપિયા તે કંઈ અપાતા હશે ? તમે તો જ્યારે ને ત્યારે ભોળા ને ભોળા જ રહો છો. જેને તેને આપ આપ જ કરો છો.' મેં કહ્યું, 'ખરેખર મને તો કશું આવડતું જ નથી.' જુઓ, આ મારે મતભેદ પડતો હતો પણ કેવો સાચવી લીધો. ફરી જઈને ! સરવાળે મતભેદ ના પડવા દીધો. જ્યાં મતભેદ છે ત્યાં અંશજ્ઞાન છે ને જ્યાં મતભેદ જ નથી ત્યાં વિજ્ઞાન છે. જ્યાં વિજ્ઞાન છે ત્યાં સર્વાંશ જ્ઞાન છે. સેન્ટરમાં બેસે તો જ મતભેદ ના રહે. ત્યારે જ મોક્ષ થાય. પણ ડિગ્રી ઉપર બેસો ને અમારું-તમારું રહે તો એનો મોક્ષ ના થાય. નિષ્પક્ષપાતીનો મોક્ષ થાય.

સમકિતની નિશાની શી ? તો કે, ઘરનાં બધાં ઊંધું કરી આપે તોય પોતે છતું કરી નાંખે. બધી બાબતમાં છતું કરવું તે સમકિતની નિશાની છે. આટલું જ ઓળખવાનું છે કે મશીનરી કેવી છે. એનો ફ્યૂઝ ઊડી જાય તો શી રીતે ફ્યૂઝ બેસાડી આપશો. **સામાની પ્રકૃતિને ઍડ્જસ્ટ થતાં આવડવું જોઈએ.** અમારે જો સામાનો ફ્યૂઝ ઊડી જાય તોય અમારું ઍડ્જસ્ટમેન્ટ હોય, પણ સામાનું ઍડ્જસ્ટમેન્ટ તૂટે તો શું થાય ? ફ્યૂઝ ગયો એટલે પછી તો એ ભીંતે અથડાય, બારણે અથડાય પણ વાયર તૂટતો નથી. જો કોઈ ફ્યૂઝ નાંખી આપે તો પાછું રાગે પડે.

ઘરમાં ઝઘડા થાય છે ? હા, ખરેખર ઝઘડા થાય છે. મોટા મોટા બંગલામાં પાંચ જણા રહેતા હોય છતાં ઝઘડા કરે છે !

આ દુષમ કાળ છે એટલે શાંતિ રહેતી નથી.

ઝઘડા થતાં હોય ત્યારે લક્ષમાં હોવું જોઈએ કે આ કર્મો નાચ નચાવે છે. પછી એ 'નાચ'નો જ્ઞાનપૂર્વક ઉકેલ લાવવો જોઈએ. **માબાપની વઢવાડોથી બાળકોના સંસ્કાર બગડે,** માટે બાળકો ના બગડે એટલા માટે બન્ને જણાએ સમજીને નિકાલ લાવવો જોઈએ. ❑

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન/ભેટ

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | નીતિનભાઈ રામી પરિવાર<br>સદ્‌ગત પિતાશ્રી બાબુભાઈ જોઈતારામના સ્મરણાર્થે જ્ઞાનદાન | અમદાવાદ | ૧૧,૦૦૦/- |
| ૨. | ઈન્દુમતી જયંતીલાલ પટેલ મારબલવાળા<br>(૮૬મા જન્મદિન ૨૨-૫ નિમિત્તે) | અમદાવાદ | ૫,૦૦૦/- |
| ૩. | યુનિક એન્ટર પ્રાઈઝ (રમેશભાઈ પટેલ) | અમદાવાદ | ૫૦૦૦/- |
| ૪. | જયશ્રીબહેન નટવરલાલ ઠક્કર સદ્‌ગત નટવરલાલ છોટાલાલ ઠક્કર<br>(ભુપતાણી)ની પુણ્યતિથિ (તા.૪-૧૨-૨૦૦૬) નિમિત્તે | અમદાવાદ | ૫૦૦૦/- |
| ૫. | સુરેશભાઈ સી. પટેલ : પોતાના જન્મદિન (૨૮-૫-૧૯૪૦) અને<br>ધર્મપત્ની શ્રીમતી સુધાબહેનના જન્મદિન (૧-૫-૧૯૪૪) નિમિત્તે | સૈજપુર (બોરસદ) | ૫૦૦૦/- |
| ૬. | લતાબહેન અનિલભાઈ શાહ<br>સદ્‌ગત માતુશ્રી પુષ્પાબહેન દલાલની પુણ્યતિથિ (૧૫-૫) નિમિત્તે | મુંબાઈ | ૩,૦૦૦/- |
| ૭. | એક સ્વજન | અમદાવાદ / અમેરિકા | ૨,૦૦૦/- |
| ૮. | ઠાકોરલાલ એમ. વ્યાસ<br>સદ્‌ગત ધર્મપત્ની શ્રી આનંદીબહેનની પુણ્યતિથિ નિમિત્તે | નરોડા | ૧,૦૦૧/- |
| ૯. | એક સેવક | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૧૦. | અરવિંદભાઈ પટેલ : સદ્‌ગત પિતાશ્રી ઈશ્વરભાઈ શિવાભાઈ પટેલની<br>પુણ્યતિથિ તા.૨-૬-૨૦૧૦ નિમિત્તે | નરોડા | ૫૦૧/- |
| ૧૧. | ગુણવંતરાય ભંગરીયા | અમદાવાદ | ૫૦૧/- |
| ૧૨. | એક સ્વજન | અમદાવાદ | ૫૦૧/- |
| ૧૩. | એક સ્વજન : ભગિનીના જન્મદિન નિમિત્તે | અમદાવાદ | ૫૦૧/- |
| ૧૪. | જ્યોતીન્દ્ર જે. મહેતા પુત્ર રોનકના જન્મદિન (૨૭-૬) નિમિત્તે | ઈસનપુર | ૫૦૧/- |
| ૧૫. | મમતાબહેન મધુકરભાઈ મહેતા જન્મદિન (૧૪-૫) નિમિત્તે | અમદાવાદ | ૫૦૦/- |
| ૧૬. | પ્રસન્નભાઈ આર. પટેલ | લવાછા | ૧૫૧/- |
| ૧૭. | હંસાબહેન એમ. પટેલ | લવાછા | ૧૫૧/- |

**ઉપરોક્ત સર્વે દાતાઓના અમો ખૂબ ખૂબ આભારી છીએ.**
**અમારા યૂકો બેંકના ખાતામાં સ્વજનો ઈ-બેંકિંગથી રકમ જમા કરાવે છે,**
**તેની માહિતી અમોને જણાવવા ખાસ વિનંતી છે.** **- સંપાદક**

# (૧૬) પદ્ય પ્રસાદી

**શ્રીમોટા**

(અનુષ્ટુપ)

(૧)

સ્મરણ-ડંકો હ્દય-નોબત થકી બજવ્યાં કરી-કરીને
હરિ તુજ કાન ફોડ્યા છે; સહી તેં એવું લીધું છે.

'કેવળ પણ ન જોઈ છે; તને અડચણ થશે મુજથી'
કશો એવો વિચાર જ તે કદી મુજને ન જાગ્યો છે.

બરાડ્યાં મેં કરેલું છે, શું અંતઃપુર વિષે પણ તે
-જરા પણ વિવેકનુંયે દિલ કશું ન ભાન રાખ્યું છે.

સતત જયઘોષ પોકાર્યા હ્દય તારા કરેલા છે,
પજવણી એવી તુજ કીધી; ક્ષમા કરી માફ તું કરજે

'જીવનસ્મરણ સાધના', પ્ર.આ. ૧૨૩ ❏

(૨)

હ્દય સન્મુખ, નયન સન્મુખ, મતિ, મનનીય સન્મુખ તે
-હ્દયની ભાવઊર્મિથી મથેલો છું ઠરવવાને.

હરિનો છે ન આકાર, રીતે શી ધારવો એને ?
શ્રીસદ્‌ગુરુને હ્દય તેથી મથેલો ધારવાને તે.

શ્રીસદ્‌ગુરુ હ્દય કેવો શું તણખો છે જ ચેતનનો !
શ્રીસદ્‌ગુરુને હ્દય ચેતન શું બદલામાં જ મેં ધાર્યો !

ગરજ ઉત્કટ હ્દય મારે જીવનતત્ત્વ અનુભવવા,
રહ્યા તેથી કર્યું દિલ તે, ગરજના માત્ર વિષયમાં.

'જીવન આહ્‌લાદ', પ્ર.આ. પૃ. ૨૩૩ ❏

(૩)

'બધું જે તે કરાવે છે, છતાં એને જ કોઈયે
-જીવનમાં ઓળખે છે ના !' ખરી ખૂબી શી એવી છે !

હવા, જળ, તેજ ને વાયુ જીવન જીવવા જ અર્થે તેં
-વિના મૂલ્યે જ બક્ષ્યાં છે, છતાં ગણના ન કોઈને.

બધું જીવવાનું પોષણ પણ હરિ સર્જનથી મળતું છે,
છતાં શો માનવી દિલમાં હરિને કંઈ ગણે ના તે !

પરંતુ તે છતાં હરિ તો બધાંને એકસરખાં શો
-હ્દય નિજ ધારતો કેવો ! હરિનો પ્રેમ એવો શો !

'જીવન આહ્‌લાદ', પ્ર.આ. પૃ. ૨૫૩ ❏

(૪)

જીવનના નેસડામાં શા અમે છીએ હરિ સાથ !
જુદા હોવા છતાં એક જ, હરિની સાથ છે પંગત.

હરિને હું જુદાજુદા ભલે ને લાગતા છીએ,
છતાં તેવી જુદાઈમાં ફરક તલભારના કંઈ છે.

રજાચિઠ્ઠી ફડાવીને વળી મંજુરી મેળવીને,
પ્રભુ દરબારમાં તારા, પ્રવેશેલા અમે છીએ.

શું જાદુગર તણી બાજી તુરત લે જાણી જંબુરો !
હ્દય તુજ ઈશ્કી જીવન તે નજરમાં તું સતત તેને.

'જીવનલહરિ', પ્ર.આ. પૃ. ૧૦૮, ૧૬૨, ૧૬૪, ૧૭૬ ❏

હરિઃૐ

**ગ્રાહક નંબર અને લવાજમની મુદત અંગે**

આપને હરિભાવ જે કોથળીમાં મળે છે તે કોથળી ઉપર આપના સરનામાની સાથે આપનો ગ્રાહક નંબર અને લવાજમની મુદતનો ઉલ્લેખ દરમહિને કરાય છે. તે વંચાણે લઈ બંનેની જાણકારીની નોંધ લેવા વિનંતી છે. **-સંપાદક**



## ભગવાન મોટું લોહચુંબક છે.

વિષય એક નાનું લોહચુંબક છે અને ભગવાન એક મોટું લોહચુંબક છે. બન્ને બાજુએ જો એ બેય ચુંબકને રાખવામાં આવે, તો જે ચુંબકની આકર્ષણશક્તિ વધારે હશે તે જ મનને ખેંચી લેશે.

ભાગવતમાં એક સુંદર કાવ્યમય વર્ણન છે : ભગવાન જ્યારે વાંસળી વગાડે છે ત્યારે ગોપીઓ પોતપોતાનાં ઘરકામ છોડીને તેમના તરફ દોડતી આવે છે. કોઈ રાંધતી હતી, કોઈ પતિની સેવા કરતી હતી, કોઈ બાળકને સ્તનપાન કરાવતી હતી. વાંસળીના મધુર અવાજના પ્રબળ આકર્ષણને લીધે ગોપીઓ દોડવા લાગી. ઘરકામ, પરિજનો પ્રત્યે કર્તવ્ય વગેરે ભગવાન પ્રત્યેના આકર્ષણ સામે અત્યંત તુચ્છ છે. એ આકર્ષણનો પ્રતિરોધ કરી શકનારું કોઈ પ્રબળતર આકર્ષણ નથી. પતંગિયું જો એકવાર પ્રકાશને જોઈલે તો પછી એ અંધકારમાં જાય નહિ.

- શ્રીરામકૃષ્ણ પરમહંસ

'શ્રીરામકૃષ્ણ જ્યોત', નવેમ્બર, ૨૦૦૩, પૃ. ૧૬

**HARIBHAV, JUNE - 2018**
"RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2018-2020
Valid upto 31st December - 2020 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to Post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Perpayment of postage No. PMG/HQ/004/2018-2020
valid upto 31-12-2020

## ભટકતું મન સત્સંગ મગ્ન બની ન શકે



મારા ભક્તોના ઘરમાં કદી અન્નવસ્ત્રનો તોટો પડશે નહિ. મારા ઉપર મન લગાડી જે ભક્તો મારું પૂજન કરે છે, તેમનું હું સદા કલ્યાણ જ કરું છું.

ભગવાન શ્રીકૃષ્ણે પણ ગીતામાં એ જ વાત કહી છે. માટે અન્નવસ્ત્રની તો બહુ ચિંતા જ કરશો નહિ. તમારે કંઈ જોઈતું હોય તો ભગવાન પાસે માગો. જગતનાં માનપાન છોડી દેજો. તમારું વર્તન એવું રાખજો કે જેથી પ્રભુકૃપા તથા તેમના આશીર્વાદ તમારા ઉપર ઊતરી આવે.

હૃદયમાં દેવમૂર્તિ દૃઢતાથી પધરાવીને સ્થાપજો. પ્રભુપૂજામાં જ મનઈન્દ્રિયોને મગ્ન બનાવજો. મારું સ્મરણ કરવામાં જ મન-બુદ્ધિ લગાડજો. જેથી દેહમાં, ધનમાં કે સંસારમાં મન ભટકશે નહિ. ત્યારે જ તમે ચિંતામુક્ત, શાંત, અચળ બનશો. સત્સંગમાં પડેલા મનનું લક્ષણ જ એ છે.

ભટકતું મન સત્સંગ મગ્ન કદી બનતું નથી.

- શ્રીસાંઈબાબા

*'શ્રીસાંઈ સત્ ચરિત્ર', પાંચમી આવૃત્તિ, પૃ. ૪૫*

Printed and Published by PRABHUDAS D. JANI on behalf of HARIWANI TRUST and
Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road,
Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor - PRABHUDAS D. JANI E-mail : hariwanitrust@gmail.com